**સુવિચાર**
પોતાના ખરાબ નસીબ કહીને ના હિંમત થઈ જવું એ માણસની અત્યંત ભયંકર અને મૂર્ખાઈ ભરેલી ટેવ છે.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૧૨/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
**શિવ** ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ માગસર સુદ-૭ વર્ષ : ૧૬ અંક : ૦૦૭

## પ્રતિમાનાં દાતા ગોપાલભાઈ વસ્તરપરાનાં રાધે ફાર્મ ખાતેથી

# ચમારડીથી લીલીયા પંથક માટે સરદાર પટેલની ૩૪ પ્રતિમા રવાના

**લીલીયા પંથકનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, લાઠીનાં ધારાસભ્ય જનક તળાવીયા પણ ઉપસ્થિત રહ્યા**

**લીલીયાનાં ૩૪ ગામોનાં સરપંચ સહિતનાં આગેવાનો દ્વારા જય સરદારનો નાદ ગુંજી ઉઠયો**

**અમરેલી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૫૦૦ જેટલી પ્રતિમાઓ પ્રસ્થાપિત થઈ ચુકી છે**

**જિલ્લાનાં દરેક ગામ સહિત રાજયભરનાં ૫ હજાર જેટલા સ્થળોએ પ્રતિમાનું સ્થાપન કરવાનું લક્ષ્ય**



અમરેલી, તા. ૧૮

બાબરાનાં ચમારડી ગામના વતની અને સુરત સ્થિત ભામાશા ગોપાલભાઈ વસ્તરપરાનાં ચમારડી ખાતે આવેલ ''રાધે ફાર્મ''થી લીલીયા તાલુકાનાં ૩૪ ગામોમાં પ્રસ્થાપિત કરવા માટે સરદાર પટેલની પ્રતિમાનું પ્રસ્થાન રવિવારે ગોપાલભાઈ વસ્તરપરા, લીલીયાનાં ધારાસભ્ય મહેશ કસવાલા અને લાઠીનાં ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં જય સરદારનાં નારા સાથે કરવામાં આવેલ.

ગોપાલભાઈ વસ્તરપરાએ છેલ્લા એક વર્ષમાં ૫૦૦ જેટલી પ્રતિમાઓનું જુદા–જુદા ગામો, શહેરોમાં સ્થાપન કરાવેલ છે અને આગામી ૨ વર્ષમાં કુલ ૫ હજાર પ્રતિમા જુદા–જુદા સ્થળોએ પ્રસ્થાપિત કરવાનું તેઓનું લક્ષ્ય છે. આ તકે લીલીયા પંથકનાં ૩૪ ગામનાં સરપંચ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ધારાસભ્ય મહેશ કસવાલા, ચેરમેન દીપક માલાણીની જહેમત સફળ

# અંતે ઘીનાં ઠામમાં ઘી પડયું : સાવરકુંડલા માર્કેટયાર્ડમાં ચાલતાં વિવાદનો અંત આવતાં કામકાજ શરૂ થશે

**વેપારીઓને અપાયેલ નોટિસ અંગે કાર્યવાહી ન કરવાનો નિર્ણય**



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં સત્તાધીશો અને વેપારીઓ વચ્ચે તાજેતરમાં યોજાયેલ ચૂંટણીના મતભેદોને કારણે વેપારીને નોટિસ પાઠવેલ. તે સંદર્ભે વેપારીઓના સ્વમાનનો વિવાદ ઊભો થયેલ. ત્યારે વેપારીઓ દ્વારા અચોક્કસ મુદત સુધી યાર્ડની હરરાજી બંધ રાખવાનો આક્રમક નિર્ણય લેતા તેમજ યાર્ડ દ્વારા વેપારીઓનો માલ 'બાન'માં લઈને બહાર ન જવા દેતા, આ બાબતે પ્રદેશના નેતાઓ સુધી મામલો પહોંચતા અંતે ધારાસભ્યને મામલો સોંપતા મહેશ કસવાલાએ આ મામલો સંભાળતા ધારાસભ્ય સાથેની મીટીંગમાં વેપારીઓએ રજૂઆતમાં એક સમયે ઉભા થઈ ચાલતી પણ પકડેલ. પરંતુ આગેવાનોએ દરમિયાનગીરી કરતા ફરી ધારાસભ્ય સાથે મીટીંગ શરૂ થયેલ અને યાર્ડ અને વેપારી મહામંડળ વચ્ચેના વિવાદનો સુખદ અંત ધારાસભ્ય સાથેની મીટીંગમાં આવેલ અને મામલો થાળે પડેલ છે અને વેપારીને અપાયેલ નોટિસ અંગે યાર્ડ દ્વારા કોઈ પણ પગલા નહિ લેવાની મૌખિક ખાત્રી બાદ યાર્ડનું કામકાજ હવે રાબેતા મુજબ શરૂ કરવાનો નિર્ણય લીધો છે.




અમરેલી એકસપ્રેસ
૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના
હરહંમેશ... સેવાકીય પ્રવૃતિઓને... પ્રોત્સાહીત કરનાર "અમરેલી એકસપ્રેસ" દૈનિકના
૧૫માં વર્ષના મંગલ પ્રારંભે
તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એકસપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
: શુભેચ્છક :
સર્જન કોટેક્ષ - અમરેલી




હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)
નર્સીંગ સ્ટાફ
G.N.M./A.N.M./G.D.M./B.Sc.Nursing
પગાર ધોરણ : ૯,૦૦૦/- થી ૧૧,૦૦૦/-
લેડીઝ પર્સન : રાત્રિ માટે (Night shift)
મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



### માર્ગમાં પથ્થર આવતા એક જીંદગી અસ્ત થઈ

# અમરેલીનાં દેવળીયા–ગોખરવાળા માર્ગ ઉપર ટ્રેકટર પરથી પડી જવાથી શ્રમિકનું મોત

### ગોઢાવદરનાં ચાલક ટ્રેકટર લઈને પસાર થતાં હોય બનાવ બન્યો

અમરેલી, તા. ૧૮

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે રહેતા પ્રકાશભાઈ જેઠાભાઈ પરમારે પોતાના હવાલાવાળુ ટ્રેકટર ગત તા. ૧૬ના રોજ સાંજે ૭/૫૦ વાગ્યે દેવળીયાથી ગોખરવાળા તરફ જતાં શેત્રુંજી નદીના કાચા રસ્તે પુરઝડપે અને બેફીકરાઈથી માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી ટ્રેકટરના મોટા ટાયરમાં પથ્થર આવતા ટ્રેકટરમાં બેસેલા સાહેદ પંકેશભાઈ શેનસીંગભાઈ મહાનીયા ટ્રેકટરમાંથી નીચે પડી જતા પંકેશભાઈના પેટના ભાગે ટ્રેકટરનું ટાયર ફરી વળતા ગંભીર ઈજા થતાં મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### બે અજાણ્યા ઈસમો કળા કરી ગયા

# અમરેલીનાં જશવંતગઢ ગામની વૃધ્ધાનાં દાગીનાં ધોવાના નામે છેતરપીંડી કરવામાં આવી

### સોનાની બંગડીઓ ઉપરથી સોનુ ઉતારી લીધું

અમરેલી, તા. ૧૮


અમરેલી તાલુકાના જશવંતગઢ ગામે રહેતા લીલીબેન માધાભાઈ પોકીયા નામના ૬૫ વર્ષિય વૃધ્ધા ગત તા. ૧૦ના સવારે ૧૦ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે બે અજાણ્યા ઈસમો આશરે ૩૦ થી ૩૫ વર્ષની ઉંમર આ વૃધ્ધાના ઘરે આવી અને પ્રથમ અજાણ્યા ઈસમોએ હેન્ડવોશના પાઉચ વેચવા આવેલ છું તેમ કહી વૃધ્ધાને ત્રાંબાના તથા ચાંદીના વાસણો ધોઈ આપુ ? તેવું કહી ત્રાંબા, ચાંદીના વાસણા ધોવા આપ્યા હતા. તે દરમ્યાન બીજા અજાણ્યા માણસે આવી વૃધ્ધાને સોના–ચાંદીના દાગીના ધોઈ નવા બનાવી આપવાનું કહી વિસમાં લઈ વૃધ્ધાની સોનાની બંગડી આશરે ૨૧ ગ્રામની જેની કિંમત રૂપિયા ૧,૦૪,૭૨૮ની પહેલા કોઈ ડબ્બામાં મુકી હતી અને ત્યારબાદ એક વાટકામાં નાખી વાટકામાં બંગડી ન દેખાય તેટલી હળદર નાખી વૃધ્ધાની સોનાની બંગડીઓ ઉપરથી સોનુ ઉતારી લઈ ઓગાળી નાખી અને આશરે ૬ ગ્રામ જેટલી વજનની બંગડીઓ રહેવા દઈ આશરે ૧૫ ગ્રામ બંગડીઓમાં રહેલ સોનુ જેની આશરે કિંમત રૂપિયા ૬૦,૦૦૦નુ ઓગાળી લઈ જઈ વૃધ્ધા સાથે છેતરપીંડી વિસઘાત કરી નાસી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### વાહનચાલકોથી લઈને ખેડૂતો, ગામજનો સૌ કોઈ ત્રાહીમામ

# કુંકાવાવનાં ચોકી પોસ્ટથી શરૂ કરીને જિલ્લાનાં મુખ્ય મથક અમરેલી વચ્ચેનો માર્ગ અતિ બિસ્માર

### સેંકડો ગામોનાં નાગરિકો પરેશાન થતાં હોય માર્ગની મરામત થવી જરૂરી





વડિયા, તા. ૧૮

કુંકાવાવના ચોકીથી અમરેલી સુધીનો રસ્તો હાલ અતિ બિસ્માર હાલતમાં છે. ત્યારે આ રસ્તે જિલ્લા મથકે હોસ્પિટલ અને કચેરીના કામ અર્થે જતાં લોકો ઉપરાંત રૂટિન ધંધા માટે અપડાઉન કરતા વેપારીઓ માટે હાલ આ બિસ્માર રસ્તો માથાના દુઃખાવા સમાન બનતો જોવા મળી રહ્યો છે. ઘણા સમય પહેલા વડિયાથી અમરેલી સુધીનો રસ્તો પહોળો બનાવવાની કામગીરી શરૂ કરાઈ હતી પરંતુ આ રોડની કામગીરી પણ ખાખરીયાથી ચોકી સુધીના રસ્તાને પહોળો કરીને અધૂરી છોડી દેવામાં આવી હોય તેમ હાલ આ રસ્તો ચોકીથી અને અમરેલી અને તેમાં પણ અમરાપુરથી આંકડિયા સુધી અતિ બિસ્માર હાલતમાં છે. આવનારા સમયમાં આ બિસ્માર રસ્તો વાહનો વચ્ચે અકસ્માત ઉભા કરે અને કોઈ નિર્દોષ લોકોનો ભોગ લે તે પહેલા તેને બનાવવો ખુબ જરૂરી છે. આ બાબતે સ્થાનિક તંત્ર અને જાડી ચામડીના અધિકારીની કયારે આંખ ઉઘડે છે તે તો આવનારો સમય જ બતાવશે. પરંતુ હાલ આ રસ્તો અતિ બિસ્માર હોય કોઈ નિર્દોષનો ભોગ લેવાઈ તે પહેલા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા આ બાબતે અંગત રસ દાખવી તાત્કાલિક કામગીરી શરૂ કરાવે તેવી લોક માંગણી જોવા મળી રહી છે.

### સરકારની તિજોરી ભરતાં ઉધોગકારો પ્રાથમિક સુવિધાથી વંચિત

# સાવરકુંડલાનાં અમરેલી માર્ગનાં કાંટા ઉધોગનાં સંચાલકોને માર્ગની સુવિધા આપવા માંગ

### જિલ્લા કલેકટર અને પાલિકાનાં શાસકોને પત્ર પાઠવ્યો





અમરેલી, તા. ૧૮

સાવરકુંડલાનાં અમરેલી માર્ગ ઉપર ૩૫ થી ૪૦ જેટલા કાંટા ઉદ્યોગનાં એકમો છે અને કાંટા ઉદ્યોગ થકી સરકારની તિજોરીમાં પણ મસમોટી રકમ કરવેરારૂપે જમા થતી હોય છે. બદલામાં કાંટા ઉદ્યોગને પ્રાથમિક સુવિધા આપવી એ સ્થાનિક તંત્રની ફરજ હોય છે.

પરંતુ કાંટા ઉદ્યોગ નજીકનો માર્ગ અતિ બિસ્માર છે. પાણીની પણ વ્યવસ્થાનો અભાવ હોય કાંટા ઉદ્યોગ સંચાલકો, દુકાનધારકોએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવીને માર્ગ, પાણી, સ્વચ્છતા, સ્ટ્રીટલાઈટ સહિતની સુવિધા આપવા માંગ કરેલ છે.

# ચલાલા નજીક બાઈક વીજપોલ સાથે અથડાતા ચાલક શ્રમિકનું મોત

અમરેલી, તા. ૧૮

ધારી ગામે આવેલ વેકરીયાપરાના વતની અને હાલ સુરત ગામે રહેતા પ્રવિણભાઈ જીવાભાઈ વણોદીયા નામના ૪૨ વર્ષિય શ્રમિક ગત તા. ૧૭ના બપોરના ત્રણેક વાગ્યાની આસપાસ ચલાલા નજીક ધારી રોડ ઉપર, હરીબા મહિલા કોલેજની સામે પ્રવિણભાઈ પોતાના હવાલાનું મોટર સાયકલ નં. જી.જે.–૦૧ ડીસી–૧૨૮૩ નું પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રોડની સાઈડમાં રહેલ જીઈબીના ઈલેકટ્રીકના સિમેન્ટના થાંભલા સાથે મોટર સાયકલ ભટકાવી પોતાના માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ કરતા તેમનું મોત નિપજાવ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


### મહારાષ્ટ્રનાં ભુસાવલથી પોલીસે દબોચી લીધો

# રાજુલામાં જવેલર્સ શો–રૂમમાંથી સોનાનાં દાગીનાની ચોરી કરનાર ગેંગનો એક શખ્સ ઝડપાયો

### રૂપિયા ૧.૫૦ લાખની રોકડ રકમ પોલીસે કબ્જે કરી



અમરેલી, તા. ૧૮

રાજુલામાં આવેલ એક જવેલર્સની દુકાનમાંથી સોનાના દાગીનાની ચોરી કરી નાસી જનાર ઈરાની ગેંગના એક શખ્સને મહારાષ્ટ્ર રાજયના ભુસાવલથી પકડી પાડી, રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦ રીકવર કરી, ચોરીનો ગુનોનો ભેદ અમરેલી જિલ્લા પોલીસ ટીમે ઉકેલી નાખ્યો હતો.


આ બનાવમાં રાજુલા ગામે આવેલ શિક્ષક સોસાયટીમાં રહેતા અને રાજુલામાં ''શ્યામ જવેલર્સ'નામની સોના ચાંદીના દાગીનાની દુકાન ધરાવતા અમીતભાઈ મહેશભાઈ વાવડીયા નામના ૩૮ વર્ષિય વેપારીની દુકાનમાં ગત તા.૮/૧૦/૨૩ નાં રોજ બે અજાણ્યા ઈસમો સોના ચાંદીના દાગીના ખરીદવાના બહાને દુકાને આવી, સોનાની વીટી નંગ ૪ તથા સોનાના પેન્ડલ સેટ જોડી નંગ – ૬, કુલ વજન ૫૬ ગ્રામ કુલ કિમત રૂા.૩,૨૬,૦૦૦/– ની અમીતભાઈની નજર ચુકવી ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોય, જે અંગે અમીતભાઈએ અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપતા રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલ હતી.

ભાવનગર રેન્જ આઈ.જી.ગૌતમ પરમારે ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવા સુચના આપેલ હોય,અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે આ પ્રકારના ગુનાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી પોલીસને માર્ગદર્શનઆપેલ હતું. એલ.બી.ટીમ દ્વારા આ ગુનાઓના અજાણ્યા આરોપીઓ અંગે સઘન તપાસ કરવામાં આવેલ. તેમજ બનાવના સ્થળની આજુબાજુના સી.સી.ટી.વી.ચેક કરવામાં આવેલ. અનડીટેકટ ગુનાના આરોપીઓને પકડી પાડવાના સઘન પ્રયાસો દરમિયાન અજાણ્યા આરોપીઓની ઓળખ મેળવી, ઈરાની ગેંગના અલીરજા લાલુઅલી નામના એક ઈસમને મહારાષ્ટ્ર રાજયના જલગાવ જિલ્લાના ભુસાવળ ગામેથી પકડી પાડી, સઘન પુછપરછ દરમિયાન પોતે તથા પોતાનો મિત્ર અબ્બાસનિયાજઅલી ઈરાની (રહે. ભુસાવલ વાળા)એ બન્ને પોતાના વતન ભુસાવલથી રાજુલા આવેલ, અને રાજુલા સોનાચાંદીના દાગીનાની દુકાનમાં સોનાના દાગીના ખરીદવાના બહાને દુકાનદારની નજર ચુકવી સોનાના દાગીનાની ચોરી કરી પોતાના વતન જતા રહેલ હતા. અને આ ચોરી કરેલ દાગીના વહેચી નાખેલ હોવાની હકિકત જણાવી ઉપરોકત ચોરીની કબુલાત આપતા, ચોરીના મુદ્દામાલ પૈકીના દાગીના વહેચી મેળવેલ રોકડ રકમ રૂપિયા ૧,૫૦,૦૦૦ રીકવર કરી, આરોપીને આગળની કાર્યવાહી થવા રાજુલા પોલીસ સ્ટેશન સોંપી આપેલ છે. જયારે આ બનાવનો પકડવાનો બાકી આરોપીની અબ્બાસઅલી નિયાજઅલી ઈરાનીની શોધખોળ આદરી છે.

# વડિયા ખાતે ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' કાર્યક્રમ યોજાયો









વર્ષ–૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજયમાં યોજાઈ રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. આ યાત્રા અન્વયે જિલ્લાના સાંસદ નારણભાઈ કાછડિયાના અધ્યક્ષ સ્થાને વડીયા મુકામે સુરગ વાળા માધ્યમિક શાળાનાં પટાંગણમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી–કુંકાવાવ–વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ સ્થળે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના, આઈ.સી.ડી.એસ, પ્રધાનમંત્રી ઉજજવલા યોજના, આયુષમાન ભવઃ સહિતનાં વિવિધ સ્ટોલનું નિર્માણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોએ વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'કાર્યક્રમમાં દેશમાં વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલી સંવાદ કર્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ નાગરિકોએ 'વિકસિત ભારત'નો સંકલ્પ લીધો હતો. શાળાની બાળાઓએ પ્રાકૃતિક કૃષિ વિષયક 'ધરતી કરે પુકાર' નાટય પ્રસ્તુત કર્યુ હતું. કાર્યક્રમમાં કેન્દ્ર સરકારની વિવિધ સહાય યોજનાઓના લાભાર્થીઓને પ્રતિકાત્મક લાભ, લાભાર્થી કીટ અને પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં 'મેરી કહાની, મેરી ઝુબાની' અંતર્ગત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સહિતની સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો વ્યકત કર્યા હતા. કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ પ્રાપ્ત થવા બદલ સરકારનો આભાર વ્યકત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ના માધ્યમથી સરકારની વિવિધ યોજનાઓનો લાભ, છેવાડાનાં જન–જન સુધી પહોંચી રહ્યો છે. વડીયા મુકામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા પંચાયતનાં સભ્યો, વડિયા સરપંચ મનિષભાઈ, જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચાવડા, જિલ્લા ખેતીવાડી અધિકારી કાનાણી, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા હેલ્થ ઓફિસર સહિતના પદાધિકારી– અધિકારી ઉપરાંત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

## ગેસ કંપનીએ રૂપિયા ૧.૨૯ કરોડ રકમ પાલિકામાં જમા કરાવી છતાં

# સાવરકુંડલા પાલિકાની બેદરકારીથી બિસ્માર માર્ગોની મરામત થતી નથી

**ગુજરાત ગેસ કંપનીએ ડોર ટુ ડોર ગેસ પાઈપલાઈન લગાવવા માટે માર્ગમાં તોડફોડ કરી હોય તેનું રીપેરીંગ થતું નથી**

**તુટેલ માર્ગોની મરામત માટે ગેસ કંપનીએ નિયમ મુજબની રકમ પાલિકામાં જમા પણ કરાવી**

**એકાદ વર્ષ પહેલા કંપનીએ મસમોટી રકમ જમા કરાવી દીધી તો પછી પાલિકા કયાં કારણોસર માર્ગની મરામત કરતી નથી**

**ભારે વિવાદ થતાં નાછુટકે ગેસ કંપનીએ માર્ગની મરામત શરૂ કરી તો તેમાં પણ ગેરરીતિ થતી હોવાની ચર્ચા**



અમરેલી, તા. ૧૮

સાવરકુંડલા પાલિકા છેલ્લા ૨ થી ૩ વર્ષથી છાશવારે કોઈને કોઈ વિવાદમાં ફસાતી રહી છે. શહેરીજનોએ ભાજપનાં વિકાસનાં વચનનાં આધારે પાલિકાની યોજાયેલ સામાન્ય ચૂંટણીમાં ભાજપ તરફી જબ્બરૂ મતદાન કરીને સત્તાનું સુકાન સોંપ્યું અને કોંગ્રેસનાં કથિત ભ્રષ્ટાચારથી છુટકારો મેળવ્યાનો આનંદ અનુભવ્યો.

પરંતુ કોંગ્રેસની ચુંગાલમાંથી ફસાયેલ શહેરીજનો ભાજપની ચુંગાલમાં ફસાયા હોય તેવું ચિત્ર સ્પષ્ટ ઉભુ થયું છે. છેલ્લા પોણા ત્રણ વર્ષથી ચાલતાં શાસનમાં ભ્રષ્ટાચાર નામની બલ્લા રાડારાડ કરી રહી છે અને કોઈને કોઈ બાબતે વિવાદ થયા જ કરે છે.

દરમિયાનમાં શહેરીજનોને પાઈપલાઈન ધ્વારા રાંધણ ગેસ મળી રહે તે માટે ગુજરાત ગેસ કંપનીએ દોઢેક વર્ષ પહેલા શહેરમાં કામગીરી શરૂ કરીને માર્ગમાં તોડફોડ કરતાં તેની મરામત અંગે નિયમ મુજબ રૂપિયા ૧ કરોડ ૨૯ લાખ ૪૦ હજારની રકમ તેમજ સિકયુરીટી ડીપોઝીટ પેટે રૂપિયા ૬૪ લાખ ૭૦ હજારની રકમ એક વર્ષ પહેલા જમા કરાવેલ. જે રકમનો ઉપયોગ કરીને માર્ગની મરામત કરવાની હોય છે પરંતુ પાલિકાનાં શાસકો માર્ગની મરામત કરતા ન હોય ગેસ કંપની ઉપર દબાણ વધતા તેઓ ધ્વારા માર્ગની મરામત તો શરૂ થઈ પરંતુ તેમના ધ્વારા નિયમ મુજબ કામગીરી થતી ન હોવાની પણ ફરિયાદ ઉભી થઈ છે.


આપના પાલતુ ઘોડાને ભુખ તથા પાચન સંબંધી લક્ષણો માટે તેમજ ઘોડામાં થતો પેટતોડાનાં રોગ માટે
૧૦૦% અસરકારક આયુર્વેદિક દવા મળશે
તેમજ વછેરા-વછેરીનાં વિકાસ માટે અસરકારક પાવડર મળશે
સંપર્ક કરો
શ્રી રાકેશભાઈ ખત્રી
મો. ૮૫૩૦૪ ૭૯૦૨૨ - અમરેલી


## સાવરકુંડલાનાં આંબરડી ગામે વૃધ્ધ પતિ અને પત્નીએ વિદાય લીધી

# સાથ જીયેગે સાથ મરેગે : પત્ની સ્વર્ગવાસી થયા ને ૪૮ કલાકમાં જ પતિદેવે પણ ફાની દુનિયાને અલવિદા કરી

## સમગ્ર ગામજનો અને પરિવારોએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી





આંબરડી, તા. ૧૮

અતૂટ પ્રેમ અને એકબીજાના જીવન સંગીની બનેલા પતિ-પત્ની સાત સાત જન્મોના બંધનમાં બંધાઈ ગયા બાદ વિયોગને અવકાશ નથી હોતો. ત્યારે પત્ની મૃત પામ્યાના ૪૮ કલાકના અંતરમાં પતિએ પણ આ ફાની દુનિયાને અલવિદા કરી હોવાનો કિસ્સો સાવરકુંડલાના આંબરડી ગામે જોવા મળ્યો હતો. આંબરડીના રહીશ ચંપાબેન ધીરૂભાઈ માલાણી બીમારી સબબ અમદાવાદ ખાતે દેહાંત થયાના પછીના ત્રીજા દિવસે પતિ ધીરૂભાઈ માલાણીએ પણ અનંતની વાટ પકડી હતી અને દેહ ત્યાગ કર્યો હતો. ચંપાબેન ધીરૂભાઈ માલાણીએ ૭૫ વર્ષની વયે ૧૫ ડિસેમ્બરના રોજ અમદાવાદ ખાતે અંતિમ શ્વાસ લીધા હતા. તો ધીરૂભાઈ ભીમજીભાઈ માલાણીએ ૭૮ વર્ષની વયે આંબરડી ખાતે ૧૭ ડિસેમ્બરના રોજ ઈશ્વરના દરબારમાં પહોંચી ચૂકયા હતા. ત્યારે પતિ અને પત્નીના ૪૮ કલાકમાં બન્નેએ ઈશ્વરના ધામમાં પહોંચીને દુનિયામાં અતૂટ પ્રેમનું પ્રતિબિંબ બનીને પ્રકાશ પ્રજલવિત કરતા માલાણી પરિવારમાં ૪૮ કલાકમાં બે મૃત્યુએ આંખોના ખૂણા ભીના કરી દીધા હતા અને પતિ-પત્નીના પ્રેમનો અતૂટ વારસો વિયોગ બને તે પહેલા સ્વર્ગે સિધાવ્યો હતો.

સ્વ. ચંપાબેન તેમજ સ્વ. ધીરૂભાઈ માલાણીએ લાંબી બીમારી બાદ અંતિમ શ્વાસ લીધા હતા. ત્રણ પુત્રો, પુત્રવધુઓ અને ત્રણેય પરિવારના પૌત્ર, પૌત્રીઓએ સ્વ. માતા-પિતાની ખૂબ કાળજીપૂર્વક સેવા કરી અને ચોથી પેઢી સુધી જીવન માણનાર સ્વ. ચંપાબેન ધીરૂભાઈ માલાણી અને સ્વ. ધીરૂભાઈ ભીમજીભાઈ માલાણી બંને વૃદ્ધ દંપત્તિએ ૪૮ કલાકના અંતરે દેહ ત્યાગ કરી મોટા પરિવારને વિલાપ કરતા છોડી ગયા હતા. ઈશ્વર બંનેના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે સમસ્ત પરિવાર અને ગ્રામજનોએ શોક વ્યકત કર્યો છે.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ટેકનીશ્યન જોઈએ છે
નેટવર્કીંગના જાણકાર તથા CCTV તેમજ કોમ્પ્યુટર ના જાણકાર
પ્રિસીસન ટેલીકોમ
દુ.નં.B-6, રોનક ટ્રાન્સપોર્ટની બાજુમાં, ડીવાઈન એમ.આર. આઈ. સેન્ટર ની સામે, કોમા સ્ટોર ની પાછળ, જુના માર્કેટીંગ યાર્ડની અંદર, અમરેલી-૩૬૫૬૦૧ મો.૯૮૨૫૧ ૭૬૧૬૩

"શ્રી વલ્લભ" Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલીંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA RACING
fascino 125 Fi
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
(ફ્યુલ ઈન્જેકશન)
BS-6 લોન્ચ
ભારતમાં પ્રથમવાર એકજ સ્કુટરમાં સાત સેન્સર ધરાવતું સ્કુટર
એડવાન્સ ટેકનોલોજી અને સ્ટાન્ડર્ડ કવોલિટી સાથે
30% POWER 16% MILEAGE
» બધા જ કલરમાં ઉપલબ્ધ
» ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
BS-VI COMPLIANT
જીજ્ઞેશ એજન્સી
પ્લોટ નં. ૧, સફારી પાર્ક, અતુલ મોટર્સ સામે, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૮૦૦૪ - ૭૦૪૮૭ ૮૮૦૦૪

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી.

એકદમ ક્રિસ્પી ખાજલી
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

Hero
BIG XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
☞ કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
☞ બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
☞ વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
☞ જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
☞ જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
☞ પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૫૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

### કોરોના વાયરસે ફરી એક વખત ચિંતા વધારી

# દેશમાં કોરોનાના ૩૩૫ નવા કેસ, પાંચ જણાનાં મોત થયા

## કેરળમાં ચાર અને એકનું ઉત્તર પ્રદેશમાં મોત થયું, ચિંતાની કોઈ વાત ન હોવાનો કેરળનાં મંત્રીનો દાવો : દેશભરમાં મહામારીને લઈને તકેદારી

નવી દિલ્હી, તા.૧૮

વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોનાના વાયરસના કેસ સામે આવતા ભારતમાં ફરી એકવાર ચિંતા વધારી છે. કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરાયેલા આંકડા અનુસાર ગઈકાલે કોવિડના ૩૩૫ નવા કેસો નોંધાયા હતા અને દેશમાં કુલ પાંચ લોકોના મોત થયા છે જેમાં કેરળમાં ચાર અને એક ઉત્તર પ્રદેશમાં થઈ છે ત્યારે કેરળના મંત્રીએ કહ્યું હતું કે ચિંતાની વાત નથી પણ સતર્ક રહેવું જરુરી છે.

કોરોના વાયરસે એક મહામારી બનીને વિશ્વની આરોગ્ય સિસ્ટમ અને અર્થતંત્રને તોડી નાખ્યું હતું ત્યારે હવે ભારતમાં કોરોના વાયરસના ૩૩૫ નવા કેસ સામે આવતા ફરી એકવાર ચિંતા વધારી દીધી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરાયેલા આંકડા મુજબ કોરોના સંક્રમણથી દેશમાં કુલ પાંચ લોકોએ જીવ ગુમાવ્યો છે. અને નવા ૩૩૫ કેસ બાદ કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૧,૭૦૧ થઈ ગઈ છે. આ માહિતી મુજબ કોરોના વાયરસથી સાજા થનાર લોકોની સંખ્યા વધીને ૪,૪૪,૬૯,૭૭૯ થઈ ગઈ છે અને રિકવરી રેટ ૯૮.૮૧ ટકા છે. કોરોના સંક્રમણથી મૃત્યુદર ૧.૧૯ ટકા છે જ્યારે રિકવરી રેટ ૯૮.૮૧ ટકા છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના એક અધિકારીના જણાવ્યા અનુસાર કેરળમાં કોરોનાના સબ વેરિયન્ટ જેએન.૧નો એક કેસ સામે આવ્યો હતો જેમાં ૭૯ વર્ષની એક મહિલામાં વાયરસ જોવા મળ્યો હતો. આઈસીએમઆરના મહાનિર્દેશક ડો. રાજીવ બહલે કહ્યું હતું કે આ કેસ ૮ ડિસેમ્બરે તિરુવનંતપુરમ જિલ્લામાં કારાકુલમમાં જોવા મળ્યો હતો. આ મહિલા ઈન્ફલુએન્ઝા જેવી બીમારી (આઈએલઆઈ)ના હળવા લક્ષણો હતા.

દેશમાં કોરોનાને કારણે પાંચ મોત થયા છે જેમાં ચાર કેરળમાં થયા છે ત્યારે કેરળના સ્વાસ્થ્ય મંત્રી વીણા જ્યોર્જએ કહ્યું હતું કે રાજ્યમાં કોરોનાનો નવો વેરિયન્ટ જેએન.૧ એ એક સબ વેરિયન્ટ છે એટલે ચિંતાનું કોઈ કારણ નથી, જો કે મંત્રીએ એ લોકોને સતર્ક રેહવા સૂચના આપતા કહ્યું હતું કે જે લોકોને અન્ય ગંભીર બીમારી છે તે લોકોએ સાવચેતી રાખવી જોઈએ. તેમણે કહ્યું હતું કે કોરોનાનો સબ વેરિયન્ટ દેશના અન્ય ભાગોમાં પણ મોજૂદ છે.

### દારુનીતિ કૌભાંડનાં મામલામાં પૂછપરછ કરશે ED

# EDએ મુખ્યમંત્રી કેજરીવાલને ફરી એકવાર નોટિસ મોકલી

## EDએ આ પહેલા પણ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પૂછપરછ માટે ૨ ડિસેમ્બરનાં નોટિસ મોકલી હતી

નવી દિલ્હી, તા.૧૮

દિલ્હી દારુ કૌભાંડ મામલામાં ઈઢએ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ફરી એકવાર નોટિસ મોકલી છે.

ઈડીએ તેમને નોટિસ મોકલીને ૨૧ ડિસેમ્બરનાં હાજર થવાનાં આદેશ આપ્યાં છે. દારુનીતિ કૌભાંડનાં મામલામાં કેજરીવાલને ઈડીએ આ બીજી વખત સમન મોકલ્યું છે. EDએ આ પહેલા પણ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પૂછપરછ માટે ૨ ડિસેમ્બરનાં નોટિસ મોકલી હતી. પણ એ સમયે કેજરીવાલે નોટિસને ગેરકાયદેસર જણાવીને નોટિસ પાછી ખેંચવાની માંગ કરી હતી. તેઓ ઈડી સમક્ષ હાજર થયાં નહોતાં.

ઈડીએ કેજરીવાલને આ સમન એ સમયે મોકલ્યું જ્યારે તેઓ ૧૦ દિવસ માટે વિપશ્યના માટે જઈ રહ્યાં છે. તેઓ ૧૯ ડિસેમ્બરનાં વિપશ્યના માટે રવાના થશે. કહેવામાં આવી રહ્યું છે કે કેજરીવાલ દરવર્ષે વિપશ્યનાનો ૧૦ દિવસનો કોર્ષ કરવા માટે જતાં હોય છે.

આ વર્ષે પણ તેઓ ૧૯થી ૩૦ ડિસેમ્બર સુધી વિપશ્યનામાં રહેવાનાં હતાં. જો કે હવે EDની નોટિસ આવ્યાં બાદ શક્ય છે કે તેઓ વિપશ્યના જવાનું ટાળશે. દિલ્હી દારૂ કૌભાંડમાં ઈઢ કેજરીવાલની પૂછપરછ કરવા જઈ રહી છે. જેમાં દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા અને આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહની ધરપકડ થઈ ચૂકી છે.

૨૨ માર્ચ ૨૦૨૧નાં મનીષ સિસોદિયાએ નવી દારુનીતિનું એલાન કર્યું હતું. ૧૭ નવેમ્બર ૨૦૨૧નાં નવી લીકર પોલિસી એટલે કે એકસાઈઝ પોલિસી લાગૂ કરવામાં આવી. નવી દારુનીતિ લાગૂ થતાં સરકાર દારુનાં વેપારમાં આવી ગઈ અને તમામ દારુની દુકાનો પ્રાઈવેટ હાથોમાંથી સરકી ગઈ. નવી નીતિ લાવવા પાછળ દિલ્હી સરકારનો તર્ક હતો કે આવું કરવાથી માફિયા રાજ નાશ પામશે અને સરકારની રેવેન્યૂમાં વધારો થશે.

### ગુજરાત ફાયર સેફ્ટી કોપ ઇ-પોર્ટલ લોન્ચ થયું

# CM ભૂપેન્દ્ર પટેલના હસ્તે ફાયર સેફ્ટી કોપ ઇ-પોર્ટલ લોન્ચ કરાયું

## અગ્નિ નિવારણ સેવાઓને વધુ સુદ્રઢ અને ટ્રાન્સપેરન્ટ-પારદર્શી બનાવવાના હેતુસર "ગુજરાત ફાયર સેફ્ટી કોપ" ઇ-પોર્ટલ લોન્ચ

અમદાવાદ, તા.૧૮

મુખ્યમંત્રીએ પ્રિ-વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત શહેરી વિકાસ વિભાગ આયોજીત 'લિવેબલ સિટીઝ ઑફ ટુમોરો' કોન્ફરન્સમાં તાજેતરમાં આ પોર્ટલ લોન્ચ કર્યું હતું. આગ સામે પ્રમાણમાં વધારે જોખમી હોય તેવી ઈમારતો, બહુમાળી મકાનો, હોસ્પિટલ્સ, હોટેલ કે શોપિંગ મોલ્સ, સ્કૂલ-કોલેજ બિલ્ડિંગ વગેરેની ફાયર સેફ્ટી સુવિધાઓ વિશે લોકોને સુપેરે જાણકારી મળી રહે તેવો ઈઝ ઑફ લિવિંગ વૃદ્ધિનો અભિગમ આ પોર્ટલ કાર્યરત કરવા પાછળ રાખવામાં આવેલો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઈ-પોર્ટલ બનાવવા માટે જનભાગીદારી વ્યૂહ અપનાવીને ફાયર રેગ્યુલેશનના મુસદ્દા અંગે જાહેર વાંધા-સૂચનો મંગાવી તેનો હાઈ લેવલ ટેકનિકલ કમિટી દ્વારા અભ્યાસ કરીને જરૂરી સુધારા વધારા સાથે ફાયર નિયમો બનાવીને સરકારની મંજૂરી આપી છે. એટલું જ નહીં, આગ સામે પ્રમાણ વધારે જોખમી એવી ઈમારતોની ફાયર સેફ્ટી સર્ટિફિકેટ અને તેની રિન્યુઅલ પ્રક્રિયા પારદર્શી બનાવવા સમગ્ર રાજ્ય માટે એક સર્વગ્રાહી અને યુઝર ફ્રેન્ડલી સોફ્ટવેર બનાવીને મોબાઈલ એપની સુવિધા પણ આપવામાં આવી છે.

કોઈ પણ બિલ્ડિંગના ડિઝાઈન લેવલથી શરૂ થઈને બિલ્ડિંગનો ઉપયોગ શરૂ થાય ત્યાં સુધીમાં જુદા-જુદા સ્તરે ફાયર સેફ્ટીની મંજૂરીઓમાં ડિઝાઇન, બાંધકામ અને ઉપયોગ એમ ત્રિસ્તરીય મંજુરીઓ સ્થાનિક ફાયર અને ઈમરજન્સી સર્વિસના અધિકારીઓ દ્વારા અપાતી હોય છે. આ સમગ્ર પ્રક્રિયા હવે ફાયર સેફ્ટી કોમ્પલાયન?સ પોર્ટલ વેબસાઈટ **https://gujfiresafetycop.in** અને મોબાઈલ એપ દ્વારા વધુ સરળ બની છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આ પોર્ટલ લોન્ચ થવાની ફલશ્રુતિએ હવે રાજ્યમાં તમામ પ્રકારની ઈમારતો માટે ફાયર સેફ્ટી સર્ટિફિકેટની બધી જ કામગીરીની માહિતી એટ વન ક્લિક દ્વારા રિયલ ટાઈમ ટ્રેકિંગ સાથે મળી શકશે. પોતાની એપ્લિકેશન સ્ટેટસ પણ જાણી શકાશે તેમજ જરૂરી ફી નું ધોરણ રાજ્યભરમાં હવે એક સમાન થશે અને યુ.પી.આઈ અથવા કાર્ડની મદદથી ઓનલાઈન ફીઝ ભરવાની સહુલિયત પણ મળી શકશે.

રાજ્ય સરકારે ફાયર સેફ્ટી ઓફિસર્સ તરીકે તાલીમ આપી સવા બસોથી વધુ ખાનગી વ્યવસાયિકોને FSO તરીકે સક્ષમ બનાવ્યા છે. આ FSO દર છ મહિને બિલ્ડીંગ ધારકો માટે મોક ફાયર ડ્રિલ, જનજાગૃતિ તેમજ ફાયર સેફ્ટી સાધનોની સ્થિતિની તપાસ ઓનલાઈન પોર્ટલના માધ્યમથી કરી શકશે તેમજ રિન્યૂઅલ સર્ટિફિકેટ ઈશ્યૂ કરવાની પ્રક્રિયામાં ઝડપ, ચોકસાઈ અને પારદર્શિતા આવશે.

ફાયર સેફ્ટી કોપની આ વેબસાઈટ કે મોબાઈલ એપમાં લોગ ઈન કરીને જરૂરી ઉપલબ્ધ વિકલ્પો પ્લાન એપ્રુવલ, સર્ટિફિકેટ એપ્રુવલ, સર્ટિફિકેટ રિન્યુઅલ માંથી જરૂરિયાત પ્રમાણેનો વિકલ્પ પસંદ કરી ૯ અલગ-અલગ સ્ટેપ જેમાં એપ્લિકેશન ડીટેલ,સાઈટ ડીટેલ, બિલ્ડીંગ/પ્રોજેક્ટ ડીટેલ, બ્લોક ડીટેલ, ફાયર પ્રિવેન્શન, લાઈફ સેફ્ટી, ફાયર પ્રોટેકશન, વગેરેનો સમાવેશ થાય છે તેની જરૂરી માહિતી ભરવા સાથે જરૂરી ડોક્યુમેન્ટ્સ પણ સબમિટ કરવાના રહેશે.

### ચૂંટણી લડવા કોંગ્રેસને ફંડની જરૂર

# કોંગ્રેસે ડોનેટ ફોર દેશ ક્રાઉડ ફંડિંગ શરૂ કર્યું

## અભિયાન કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ દ્વારા શરુ કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૧૮

કોંગ્રેસ પાર્ટીએ આજે ક્રાઉડફન્ડિંગ અભિયાન ડોનેટ ફોર દેશ' શરૂ કર્યું છે. આ અભિયાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દ્વારા શરુ કરવામાં આવ્યું હતું.

દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસને ચૂંટણી લડવા માટે પૈસાની જરૂર પડી છે. એટલા માટે જ પાર્ટીએ હવે દેશની પ્રજાની મદદ માગી છે. કોંગ્રેસના મહાસચિવ કે.સી.વેણુગોપાલે શનિવારે દિલ્હીમાં પાર્ટીના હેડક્વાર્ટર પર પ્રેસ કોન્ફરન્સને સંબોધતા 'ડોનેટ ફોર દેશ' અભિયાન ચલાવવાની જાણકારી આપી હતી ત્યારે હવે આજે આ અભિયાન કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ દ્વારા શરુ કરવામાં આવ્યુ છે.

આ પહેલા કોંગ્રેસના મહાસચિવ કે.સી.વેણુગોપાલે શનિવારે આ અભિયાન વિશે પ્રેસ કોન્ફરન્સ કરીને જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતું કે આ પહેલ ૧૯૨૦-૨૧માં મહાત્મા ગાંધીના ઐતિહાસિક તિલક સ્વરાજ ફંડથી પ્રેરિત છે.

અમે આ અભિયાન માટે અમારા રાજ્ય સ્તરના પદાધિકારીઓ, ચુંટાયેલા પ્રતિનિધિઓ, ડીસીસી અધ્યક્ષો, પીસીસી અધ્યક્ષો અને એઆઈસીસીને પ્રોત્સાહિત કરીએ છીએ. દરેક પદાધિકારીએ ઓછામાં ઓછા ૧૩૮૦ રૂપિયાનું યોગદાન આપવાનું રહેશે.

### સંસદની સુરક્ષામાં ચૂકના મામલે રાજકારણ જારી

# કોંગી નેતા અધિરરંજન સહિત ૩૩ સાંસદ સત્ર માટે સસ્પેન્ડ

## અત્યાર સુધીમાં કુલ ૪૭ સાંસદોને સસ્પેન્ડ, વિપક્ષો ગૃહ મંત્રી અમિત શાહના રાજીનામાની માંગ કરી રહ્યા હતા

નવી દિલ્હી, તા.૧૮

હાલ સંસદનું શિયાળું સત્ર ચાલી રહ્યું છે, જોકે સંસદમાં તાજેતરમાં જ સુરક્ષામાં થયેલી ચૂક મામલે આજે ફરી હોબાળો મચ્યો છે.

આ મામલે વિપક્ષો સતત પોતાની માંગને વળગી રહેતા લોકસભા અને રાજ્યસભામાં ભારે હોબાળો મચ્યો છે, જેના કારણે લોકસભા અધ્યક્ષ ઓમ બીરલાએ કોંગ્રેસ નેતા અંધીર રંજન ચૌધરી સહિત ૩૩ સાંસદોને લોકસભાના આખા સત્રમાંથી સસ્પેન્ડ કરી દીધા છે.

અધીર રંજન ચૌધરી ઉપરાંત કે.સુરેશ, તૃણમૂલ કોંગ્રેસના કલ્યાણ બેનર્જી, સૌગત રોય, પ્રતિમા મંડલ, ડીએમકેના એ.રાજા અને આરએસપીના એન.કે.પ્રેમચંદ્રન સહિત ઘણા સભ્યોને ગૃહની બાકીના સત્ર માટે સસ્પેન્ડ કરાયા છે. આ સાથે જ લોકસભાની કાર્યવાહી પણ આવતીકાલ સુધી સ્થગિત કરી દેવાઈ છે. આજે લોકસભામાં કાર્યવાહી શરૂ થયા બાદ વિપક્ષે ફરી સરકારને ઘેરવાના પ્રયાસો શરૂ કરી દીધા હતા.

વિપક્ષો ૧૩ ડિસેમ્બરે સંસદની સુરક્ષામાં થયેલી ચુક મામલે સતત વિરોધ કરી રહ્યા છે. આજે પણ આ મામલે વિપક્ષોએ ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગ કરી રહ્યા હતા અને લોકસભા અને રાજ્યસભામાં ભારે હોબાળો મચાવ્યો હતો, જેના કારણે લોકસભા અધ્યક્ષે આજે ૩૩ સાંસદોને સસ્પેન્ડ કરી દીધા છે.

સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ સાંસદોને સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો, જેને ધ્વનિમતથી મંજૂર કરાયા બાદ લોકસભા અધ્યક્ષે આ નિર્ણય કર્યો છે. અગાઉ વિપક્ષના કુલ ૧૪ સાંસદોને સસ્પેન્ડ કરાયા હતા. આમ અત્યાર સુધીમાં કુલ ૪૭ સાંસદોને સસ્પેન્ડ કરી દેવાયા છે.

### સંસદની સુરક્ષા ક્ષતિ પર લોકસભા સ્પીકરનું નિવેદન

# સંસદની સુરક્ષા ક્ષતિ પર ઉચ્ચસ્તરીય તપાસ : બિરલા

નવી દિલ્હી, તા.૧૮

સંસદની સુરક્ષા ક્ષતિ પર આજે લોકસભા સ્પીકર ઓમ બિરલાનું નિવેદન આવ્યું છે. ઓમ બિરલાએ કહ્યું કે અમે આ ઘટના પર ખૂબ જ કડક કાર્યવાહી કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં આવી રહી છે.

લોકસભા અધ્યક્ષે એમ પણ કહ્યું કે તેઓ દરેક સાંસદની સુરક્ષાને લઈને ચિંતિત છે અને તેમજ આ ઘટના અંગે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

આજે સંસદની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષી સાંસદોએ સંસદની સુરક્ષામાં ક્ષતિઓને લઈને હોબાળો મચાવ્યો હતો. સાંસદોએ પોસ્ટરો સાથે હંગામો મચાવ્યો, જેના કારણે લોકસભાના અધ્યક્ષે કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યાસુધીસ્થગિતકરીદીધી.

સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે આ દુખની વાત છે કે આ મુદ્દે રાજનીતિ થઈ રહી છે. તેમણે કહ્યું કે ગૃહમાં આવવું અને સૂત્રોચ્ચાર કરવો એ ગૃહની ગરિમાની વિરુદ્ધ છે.

સસ્પેન્ડ કરાયેલા સાંસદો સંસદના ગેટના પગથિયાં પર બેસીને વિરોધ કરી રહ્યા છે. ગૃહમાં પ્રવેશ કરતી વખતે કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી પણ તેમને મળ્યા હતા.

### સંરક્ષણ ક્ષેત્રે ભારતને મોટી સિદ્ધિ મળી

# આકાશ મિસાઈલે હવામાં ચાર ટાર્ગેટ ધ્વસ્ત કર્યા

નવી દિલ્હી, તા.૧૮

સંરક્ષણક્ષેત્રે ભારતને મોટી સિદ્ધિ મળી છે. ભારત વિશ્વનો પહેલો દેશ બની ગયો છે, જેણે એર ડિફેન્સ સિસ્ટમના સિંગલ ફાયર યુનિટ દ્વારા ૨૫ કિલોમીટરની રેન્જમાં કમાન્ડ ગાઈડન્સની મદદથી એક સાથે ૪ ટાર્ગેટને નષ્ટ કરવાની ક્ષમતા હાંસલ કરી છે. આ પરીક્ષણ માટે ભારતીય હવાઈ સેવાની આકાશ મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વાયુસેનાએ ૧૨ ડિસેમ્બરે અસ્ત્રશક્તિ સૈન્ય અભ્યાસ દરમિયાન આ પરીક્ષણ કર્યું હતું.ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા આકાશ શસ્ત્ર પ્રણાલી વિકસાવવામાં આવી છે. ડીઆરડીઓનું કહેવું છે કે ભારત વિશ્વનો પહેલો દેશ છે, જેની પાસે આકાશ મિસાઈલ જેવી શક્તિ અને ટેક્નોલોજી છે. આકાશ મિસાઈલ સિસ્ટમની ખાસિયત

- આકાશ એ ભારત ડાયનેમિક્સ લિમિટેડ (બીડીએલ) ની ટૂંકા અંતરની સરફેસ ટુ એર (એસએએમ) એર ડિફેન્સ સિસ્ટમ છે
- આ સિસ્ટમ ઈઝરાયેલના આયર્ન ડોમની જેમ દુશ્મનના હવાઈ હુમલાથી મોટા વિસ્તારને સુરક્ષિત કરી શકે છે
- આકાશ વેપન સિસ્ટમ (એડબલ્યુએસ) ગ્રુપ મોડ અથવા ઓટોનોમસ મોડમાં એકસાથે બહુવિધ લક્ષ્યોને જોડી શકે છે
- આકાશ મિસાઈલ સિસ્ટમ ૪-૨૫ કિમીની રેન્જમાં ઉડતા હેલિકોપ્ટર, ફાઈટર જેટ અને યુએવીને ટાર્ગેટ કરી શકે છે
- તેની આખી સિસ્ટમ ઓટોમેટિક છે. તે અસરકારક રીતે સક્રિય અને નિષ્ક્રિય જામિંગને અટકાવી શકે છે- તેને રેલ્વે અથવા રોડ દ્વારા ગમે ત્યાં લઈ જઈ શકાય છે અને ઝડપથી તૈનાત પણ કરી શકાય છે

### નાયબ દંડક કૌશિક વેકરિયા સહિતનાં પદાધિકારીઓ દ્વારા

# અમરેલી જિલ્લાની પોલીસની વર્ષ ૨૦૨૨ ની કામગીરી અંગેના પુસ્તકનું વિમોચન કરાયું

## જિલ્લાનાં પોલીસ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં

અમરેલી, તા.૧૮

પોલીસ અધિક્ષકની કચેરી ખાતે અમરેલી જિલ્લા પોલીસની વર્ષ ૨૦૨૨ની કામગીરી અંગેનું ''સેવા, સુરક્ષા અને શાંતિની યથાર્થ પરિભાષા અમરેલી પોલીસ – ૨૦૨૨'' નામના એક પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.

આ પુસ્તક વિમોચન કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાવરકુંડલા – લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, લાઠી – બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જીલ્લા પંચાયતના પ્રમુખ સુતરીયા તથા જિલ્લાના પોલીસ અધિકારી હાજર રહ્યા હતા.





આ પુસ્તક વિમોચન પ્રસંગે અમરેલી જિલ્લાના પોલીસ વડા હિમકરસિંહ દ્વારા જણાવ્યું હતું કે આ પુસ્તકમાં જિલ્લાની પોલીસ દ્વારા વર્ષ – ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ ગંભીર ગુનાની ડિટેકશનની વિગતો,અપરાધીઓની મોડસ ઓપરેન્ડી અને પોલીસ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત પોલીસ વિભાગને લગતી વિવિધ કામગીરીઓ જેવી કે પોલીસ વેલ્ફેરને લગત કામગીરી, ચૂંટણી દરમિયાન કરવામાં આવતી કામગીરી,સીસીટીવી કેમેરા દ્વારા કરવામાં આવતી ડિટેકશનની કામગીરી,સરકારના મહત્વકાંક્ષી પ્રોજેકટ ઈ ગુજકોપ અંતર્ગતની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે.આ ઉપરાંત અમરેલી પોલીસ વર્ષ ૨૦૨૨ – ૨૩ની જેમ આવનારા સમયમાં પણ જિલ્લાના નાગરિકોની સુરક્ષા કરવા માટે કટિબદ્ધ રહેશે. તેમ અંતમાં જણાવ્યુંહતું.

### આમા બાળકો ભણે કેવી રીતે તેવો પ્રશ્ન

# સાવરકુંડલા : એસ.ટી.ના અધિકારીઓને વિદ્યાર્થીઓને પાસ કાઢી આપવામાં બળ પડે

## બાળકોને ધક્કા ખવરાવવાનું બંધ થવું જોઈએ

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલા એસટી ડેપોમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને પોતાનો સ્ટુડન્ટ પાસ કઢાવવા માટે ધક્કા ઉપર ધક્કા ખાવા પડે છે, કારણકે જવાબદાર અધિકારીઓ નીત નવા ગતકડા ઊભા કરીને કોઈ પણ પ્રકારે વિદ્યાર્થી પાસ કાઢી આપવામાં ગલ્લા તલ્લા કરે છે. વિદ્યાર્થી પાસે આધાર કાર્ડ હોય, પાનકાર્ડ હોય, શાળા કોલેજનું પ્રમાણપત્ર પણ હોય તો.. કહે રેશનકાર્ડ લાવો.. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારે સ્પષ્ટ સૂચના આપેલ છે કે રેશનકાર્ડ કોઈપણ પ્રકારના પુરાવા માટે માંગવું નહીં છતાં ખુરશી ઉપર બેઠેલા અધિકારીઓ જાણે વિદ્યાર્થીઓ ઉપર જાણે રોફ જમાવતા હોય તેમ પોતાની મનમાની કરે છે. હવે વિદ્યાર્થી પોતાના કોઈપણ સગા વાલા ને ઘેર અથવા હોસ્ટેલ કે છાત્રાલયમાં રહી અભ્યાસ કરતો હોય તો તેના રેશનકાર્ડની શું જરૂરિયાત...?! પણ જયારે સરકારી ખુરશી મળી જાય છે ત્યારે પોતે પણ એક સમયે વિદ્યાર્થી હતા તે સમય



ભૂલીને વિદ્યાર્થીઓને જેમ બને તેમ સરળતા કરી આપીને તાત્કાલિક પાસ કાઢી આપવાને બદલે અવારનવાર માનસિક હેરાન કરવામાં આવે છે. જયારે આજે વિદ્યાર્થીનું એક ગ્રુપ સાવરકુંડલા શૈક્ષણિક અગ્રણી પ્રતાપભાઈ ખુમાણને મળતા તેમણે આ બાબતે તુરત જ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હતી અને એકવાર વિદ્યાર્થી પાસ ઈસ્યુ થઈ ગયા પછી તે પાસ ને આધારે જ બીજી મુદતનો પાસ પણ રીન્યુ કરી આપવો જોઈએ તેવી ખાસ ભલામણ પણ કરી આપવામાં આવી છે.

### સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે શેરબજાર નબળાઈ સાથે બંધ

# સેન્સેક્સમાં ૧૬૯, નિફ્ટીમાં ૩૮ પોઈન્ટનો કડાકો નોંધાયો

## બજાજ ઓટો, હિન્દાલ્કો, અદાણી પોર્ટ, સન ફાર્મા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, બજાજ ફાઈનાન્સ શેરોમાં વધારો

મુંબઈ, તા.૧૮

શેરબજારનો કારોબાર સોમવારે નબળી નોંધ પર સમાપ્ત થયો. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૩૮ પોઈન્ટ ઘટીને ૨૧૪૧૮ ના સ્તર પર બંધ થયો છે. બજાજ ઓટો, હિન્દાલ્કો, અદાણી પોર્ટ, સન ફાર્મા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, બજાજ ફાઈનાન્સ, આઈશર મોટર, એશિયન પેઈન્ટ્સ, ટાઈટન, ડિવીઝ લેબના શેરોમાં નિફ્ટીમાં વધારો જોવા મળ્યો હતો.

સોમવારે બીએસઈ ૧૬૮.૬૬ અંકોની નબળાઈ સાથે ૭૧૩૧૫ ના સ્તર પર બંધ થયો હતો. મુંબઈ સ્ટોક એકસચેન્જમાં સન ફાર્મા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એચસીએલ ટેક અને એચયુએલના શેરો વધતા શેરોમાં સામેલ હતા. સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સોમવારે શેરબજાર નબળાઈ સાથે સમાપ્ત થયું. દિવસના કારોબારમાં, બીએસઈસેન્સેક્સ ૧૦૦ પોઈન્ટથી વધુની નબળાઈ સાથે ૭૧૩૩૮ ના સ્તર પર કામ કરી રહ્યો હતો, જ્યારે નિફ્ટી લગભગ ૩૮ પોઈન્ટના ઘટાડા સાથે ૨૧૪૨૫ ના સ્તર પર કામ કરી રહ્યો હતો.

સોમવારે શેરબજારના સૂચકાંકોની વાત કરીએ તો, નિફ્ટી મિડકેપ ૧૦૦ ૦.૨૦ ટકાનો વધારો નોંધાવી રહ્યો હતો જ્યારે બીએસઈ સ્મોલ કેપમાં ૦.૫૧ ટકાનો વધારો નોંધાયો હતો. નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ રહી છે. શેરબજારના ટોપ ગેઈનર્સમાં બજાજ ઓટો, હિન્દાલ્કો, અદાણી પોર્ટ્સ અને સન ફાર્માના શેરનો સમાવેશ થાય છે, જ્યારે ટોપ લોઝર્સમાં પાવર ગ્રીડ, જેએસડબલ્યૂસ્ટીલ, આઈસીઆઈસીઆઈબેંક અને આઈટીસીના શેરનો સમાવેશ થાય છે. સોમવારે મલ્ટિબેગર રિટર્ન આપનારી કંપનીઓ વિશે વાત કરીએ તો, ઓમ ઈન્ફ્રા, એકસાઈડ ઈન્ડસ્ટ્રીઝ, કામધેનુ લિમિટેડ, પટેલ એન્જિનિયરિંગ, બ્રાન્ડ કોન્સેપ્ટ, સ્ટોવ ક્રાફ્ટ અને જિયો ફાઈનાન્શિયલના શેરમાં વધારો થયો હતો જ્યારે ટાટા મોટર્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, યુનિપાર્ટ્સ લિમિટેડ અને દેવયાની ઈન્ટરનેશનલના શેરમાં ઘટાડો નોંધાયો હતો. શેરમાં નબળાઈ નોંધાઈ રહી હતી. સોમવારે, ગૌતમ અદાણી જૂથની નવ લિસ્ટેડ કંપનીઓમાંથી છના શેર લાલ નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા, જ્યારે અંબુજા સિમેન્ટ, એસીસી અને અદાણી પોર્ટ્સના શેરમાં થોડો વધારો નોંધાયો હતો.

### શહેરીજનોને પસાર થવામાં મુશ્કેલી

# રાજુલામાં સ્ટેટ બેન્કની નજીક ટ્રાફિક સમસ્યા વિકરાળ બની

## ટ્રાફિક વિભાગ દ્વારા કાર્યવાહી થાય તેવી માંગ



રાજુલા, તા. ૧૮

રાજુલા શહેરમાં રાજુલાની મધ્યમાં આવેલી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા મુખ્ય શાખામાં બહાર આવતા ગ્રાહકો પોતાનું વાહન આ બેન્કની બહાર જ પાર્કિંગ કરવામાં આવતું હોવાથી આ રસ્તા ઉપર ખૂબ જ ટ્રાફિક રહેવા પામે છે. આ રસ્તા ઉપર ગર્લ્સ હાઈસ્કુલ તેમજ સાવરકુંડલા–અમરેલી જવાનો મુખ્ય માર્ગ હોવાથી તેમજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની બાજુમાં જ શાકમાર્કેટ હોવાથી આ રસ્તા ઉપર ટ્રાફિકનો પ્રશ્નો ખૂબ જ રહે છે. નવા નિમાયેલા પોલીસ અધિકારી ટ્રાફિક બાબતે પણ ખૂબ જ તકેદારી રાખે છે. ત્યારે આ બેન્કની બહાર નો પાર્કિંગના બોર્ડ હોવા છતાં શહેરીજનો દ્વારા આ જગ્યા ઉપર પાર્કિંગ કરવામાં આવે છે. ત્યારે રાજુલા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા બેન્કની બિલ્ડીંગમાં જ પાર્કિંગની સગવડ હોવા છતાં ત્યાં વાહનો પાર્કિંગ કરવામાં આવતા નથી. ત્યારે આ બાબતે જવાબદારી કોની ? જયારે કોઈ પણ ઘટનાઓ બને છે ત્યારે આપણે ટ્રાફિક બાબતે પોલીસની જવાબદારી કહેતા હોઈએ છીએ. ત્યારે ખરેખર બેન્કના જ ગ્રાહકો બેન્કનું પાર્કિંગ હોવા છતાં નો પાર્કિંગ ઝોનમાં પાર્કિંગ કરતા હોય ત્યારે રાજુલાના નવા નિમાયેલા પોલીસ અધિકારી આ બાબતે ગંભીર પગલા ભરે અને આ વિસ્તારમાં ટ્રાફિક પ્રશ્ન હલ કરે તેવું રાજુલાના શહેરીજનોની માંગ ઉઠવા પામેલ છે.

### જિલ્લામાંથી પગારની ગ્રાન્ટ આવી છતાં પણ

# લ્યો બોલો : ધારી તાલુકામાં શિક્ષણ વિભાગની અણઆવડતથી તાલુકાનાં શિક્ષકો પગાર વિહોણા

## ઉચ્ચ અધિકારી દરમિયાનગીરી કરે તેવી માંગ

ધારી, તા.૧૮

ધારી તાલુકાના શિક્ષણ વિભાગને છેલ્લા થોડા સમયથી જાણે ગ્રહણ લાગ્યું હોય એવો ઘાટ ઘડાણો હોય એવું લાગે છે.જીલ્લામાંથી પગાર ગ્રાન્ટ ૧ લી તારીખે ફાળવી આપેલ હોવા છતાં. તાલુકાનું તંત્ર આ બાબતે કોઈજ પ્રકારનું ગંભીર થવાને બદલે ગોકળ ગાય ગતિએ કામ કરે છે. શિક્ષકોને મંડળી તથા બેંકના લોનના હપ્તા પગારમાંથી કપાતા હોય છે. એમને પણ પગાર ન થવાથી ચિંતા વ્યાપી છે. સરકાર દ્વારા નવી એપ્લીકેશન પ્રેસામાં પગાર કરવાની સૂચના ૩ માસ પેહલા આપેલ હોવા છતાં કોઈજ કામગીરી બાબતે પગાર કેન્દ્રને માર્ગદર્શન આપેલ નથી. જિલ્લાના મોટા ભાગના તાલુકામાં શિક્ષકોના પગાર થઈ ગયેલ છે. જયારે ધારીમાં આજદિન સુધી શિક્ષકો કાગડોળે પગારની રાહ જોતા બેઠા છે. આ બાબતે જવાબદાર અધિકારીઓનો સંપર્ક કરતા ગોળ ગોળ જવાબ આપી જવાબદારીમાંથી છટકવા પ્રયાસ કરે શિક્ષણના હીતમાં જિલ્લા કચેરી આ બાબતે જેમની પણ જવાબદારી નક્કી થતી હોય તે નક્કી કરી પગાર કરાવે તેવુ શિક્ષકો ઈચ્છી રહ્યા છે.

### એસપીની સુચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડની કામગીરી

# લાઠી વિસ્તારમાં અપહરણ અને પોક્સોના ગુન્હામાં મદદ કરી ફરાર થયેલ આરોપી ઝડપાયો

## ધારીનાં ઝર ખાતેથી આરોપી છગન ડેડાણીયા ઝડપાયો



અમરેલી, તા. ૧૮

લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અપહરણ અને પોકસોનો ગુન્હો કરી ફરાર થયેલ આરોપી છગન ઉર્ફે સંજય ડેડાણીયા રે. બગસરાની ધારીનાં ઝર ખાતેથી અટકાયત કરવામાં આવેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અન્વયે પેરોલ ફર્લો સ્કવોર્ડનાં પોલીસ સબ ઈન્સ્પેકટર કે.જી. મયા (ગઢવી) તથા એએસઆઈ શ્યામકુમાર બગડા, કૌશિકભાઈ બેરા તથા હેડ કોન્સ્ટેબલ પરેશભાઈ સોંધરવા, પોલીસ કોન્સ્ટેબલ સતારભાઈ શેખ તથા વુ. હેડ કોન્સ્ટેબલ કૃપાબેન પટોળીયા તથા વુ. પોલીસ કોન્સ્ટેબલ રિનાબેન ધોળકીયા એ રીતેના જોડાયેલ હતા.

### મહિલા તળપદા કોળી સેવા સમાજ દ્વારા

# અમરેલી ખાતે દિવ્યાંગ વ્યકિતઓનો સમુહલગ્નોત્સવ યોજાયો

## મોટી સંખ્યામાં આગેવાનોએ નવદંપતિને આશીર્વાદ પાઠવ્યા



અમરેલી, તા.૧૮

અમરેલી ખાતે મહિલા તળપદા કોળી સેવા સમાજ દ્વારા બહેરા–મુંગા દિવ્યાંગ માટે અમરેલી મહિલા તળપદા કોળી સેવા સમાજ દ્વારા સમુહ લગ્નનું ભવ્ય આયોજન બાબુભાઈ વાજા ચોરવડા પુર્વ ધારાસભ્ય માંગરોળના પ્રમુખ સ્થાને યોજાયેલ ગયેલ. આ સમારંભનું દિપ પ્રગટાવી ઉદઘાટત પરેશભાઈ ધાનાણી પુર્વ ધારાસભ્ય રાજુભાઈ સોલંકી માધાતા ગૃપ ભાવનગર ગોવિંદભાઈ રાઠોડ, રવજીભાઈ મકવાણા, મગનભાઈ પ્રમુખ બાળ હનુમાન મંદિર, શ્રીમતી રંજન બહેન ડાભી ચિતલ, મગનભાઈ આર.મકવાણા, નાના રાજકોટ હસ્તેદિપ પ્રગટાવી કરવામાં આવેલ. આ સમારંભના મુખ્ય દાતા બાબુભાઈ વાજા ચોરવાડા, શ્રીમતી રેખાબહેન જેન્તીભાઈ ઢસા, શ્રીમતી આરતીબેન આર.ગોહીલ, મુખ્યદાતા રહયા હતા. આ સમારંભમાં કન્યાને આશીર્વાદ આપવા તળપદા કોળી સમાજ આગેવાન કાર્યકરો હાજર રહીયા હતા. આ સમારંભને સફળ બનાવવા મંડળ પ્રમુખ શ્રીમતી આરતીબેન આર.ગોહીલ, પરશોત્તમભાઈ એન.મકવાણા, રમેશભાઈ આર.ડાભી ચિતલ, ભીખાભાઈ મકવાણા, સવજીભાઈ ડી.ડાભી, ભાવેશભાઈ જી.વાઘેલા, વિપુલભાઈ પરમાર, બક્ષીપુર, જગદીશભાઈ ચાવડા જહેમત ઉઠાવેલ હતી.

# સા.કુંડલા ખાતે મેઘવાળ સમાજ દ્વારા પ્રાર્થના હોલનું ભૂમિપૂજન થયું



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ, વોર્ડ પાંચમાં મેઘવાળ સમાજના સ્મશાનની બાજુમાં સમાજના પ્રાર્થના હોલ તથા અનુ.જાતિ વિસ્તારમાં આવેલ મહાકાળી સોસાયટીમાં કોમ્યુનિટી હોલનું ખાતમુહૂર્ત સમાજના પ્રમુખ આગેવાન કેશુભાઈ વાઘેલા મુખ્ય દાતા ગોવિંદભાઈ બગડા નિવૃત્ત શિક્ષક મોટા ભમોદરા, નગરપાલિકાના ચીફ ઓફિસર બોરડ, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, નગરપાલિકા ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, અરવિંદ મેવાડા, ગીર સોમનાથ જિલ્લાના પ્રભારી નગરપાલિકા ચેરમેન અશોકભાઈ ચૌહાણ, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, સાવરકુંડલા શહેર મહામંત્રી વિજયસિંહ વાઘેલા અને રાજુભાઈ નાગ્રેચા,બાધકામ ચેરમન લાલાભાઈ ગોહીલ, બાગ બગીચા ચેરમેન જીગ્નેશભાઈ ટાંક, માનવ મંદિરના મહંત ભકિતરામબાપુ રામદેવપીર મંદિર, વિશ્રામ ભગત જગ્યાના મહંત અરવિંદબાપુ, લાલધામ આશ્રમ બહેન ચંદ્રીકાબેન, સ્થાનિક નગરપાલિકાના ચેરમેન દબાણ હટાવ સમિતિ નગરપાલિકા સાવરકુંડલા કેશુભાઈ બગડા, શાસક પક્ષ નેતા પતિ કરસનભાઈ આલ, મોક્ષધામ ચેરમેન નગરપાલિકા હંસાબેન કમલેશભાઈ રાનેરા, મુકેશભાઈ મહીડા, પૂર્વ તાલુકા પંચાયત ન્યાય સમિતિ ચેરમેન, અન્ય નગરપાલિકાના સદસ્યો, માંડણ કન્ટ્રકશન સોમાભાઈ બગડા, મેઘવાળ સમાજના વિવિધ વિસ્તારોના વડીલો, આગેવાનો, ભારતીય જનતા પાર્ટીના સંગઠનના કાર્યકરો અને સમાજના વડીલો, યુવાનો અને બહેનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમાજના પ્રાર્થના હોલનું અને કોમ્યુનિટી હોલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# ખાંભા પંથકમાં પોલિયોની ૧૦૦ ટકા કામગીરી કરવામાં આવી



ખાંભા, તા. ૧૮

રાજય સરકારના પોલિયો નાબૂદી અભિયાન અંતર્ગત જિલ્લાના તમામ ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયોની રસી થી રક્ષિત કરવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ.જોશીનાં માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ ઓફિસર ખાંભા દ્વારા તાલુકાના ત્રણેય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તારીખ.૧૦/૧૨/૨૩ ના રોજ બુથ ઉપર તેમજ તારીખ ૧૧/૧૨/૨૩ અને ૧૨/૧૨/૨૩ ના રોજ આરોગ્ય અને આંગણવાડીની ટીમ દ્વારા ઘરે ઘરે જઈને બાકી રહેલા તમામ બાળકોને પોલિયોની રસીથી રક્ષિત કરવામાં આવેલ જેમાં ખાંભા તાલુકાના કુલ ૭,૨૫૫ બાળકોમાંથી પ્રથમ દિવસે બુથ ઉપર ૬,૫૪૦ બાળકોનું રસીકરણ કરી ૯૦ % કામગીરી કરેલ તેમજ બીજા દિવસે ૫૭૪ અને ત્રીજા દિવસે ૧૫૧ બાળકોનું રસીકરણ કરી સો ટકા કામગીરી પૂર્ણ કરે આ કામગીરી પૂરી કરવા માટે આરોગ્યનો તમામ સ્ટાફ તેમજ આંગણવાડીના તમામ સ્ટાફે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં મોટીવેશનલ સ્પીકર પિયુષભાઈ ધાનાણી શુભેચ્છા મુલાકાતે



અમરેલી, તા. ૧૮

સુરતના ખુબ જ જાણીતા મોટીવેશનલ સ્પીકર, ખુબ સારા વકતા અને મળવા જેવા માણસ તેમજ ફેસબૂક ઉપર જેના વીડિયો લાખો લોકો જોવે છે એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનના શુભેચ્છક અને દીપક ગુરૂજીના ખાસ મિત્ર એવા પિયુષ ધાનાણી એ વિદ્યાર્થીઓને ખુબ સારૂં વકતવ્ય આપ્યું અને શિક્ષણ સાથે સાથે અન્ય પુસ્તકોનું વાંચન કરવા આગ્રહ કરેલ સાથે સાથે સાંજની પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓને પ્રસંગ કહેવાની જે પધ્ધતિ છે તેની ખુબ જ સરહાના કરીને બાળકોને માઈકમાં બોલવાની જે તક આપવામાં આવે છે તે ખુબ જ મોટી વાત છે, તેમ જણાવીને ખુબ જ પ્રેરક વકતવ્ય આપેલ. સાથે જ શાળાના શિક્ષકોની સાથે બાળકોના વિકાસ માટે વાર્તાલાપ પણ કરેલ અને શાળાના ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના વિધાર્થીઓ સાથે રજાના દિવસે બેસીને પરીક્ષાલક્ષી વાતચીત પણ કરેલ ત્યાર બાદ વિદ્યાર્થીઓને મહાન વકતા શ્રેષ્ઠ પુસ્તકો વિશે જણાવ્યું અને જીવનમાં શ્રેષ્ઠ માણસ બનવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું દીપક ગુરૂજી તથા વિલાસ દીદી એ સંસ્થા વતી પિયુષભાઈનું સ્વાગત સન્માન અભિવાદન કરેલ.

### અમરેલી તાલુકામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ

# કાઠમા અને માલવણ મુકામે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો

## સરકારની જન કલ્યાણકારી યોજનાઓ જન-જન સુધી પહોંચાડવાની નેમ



અમરેલી તા.૧૮

વર્ષ–૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' પરિભ્રમણ કરી રહી છે. આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાના અમરેલી તાલુકામાં રવિવારથી યાત્રાનો પ્રારંભ થયો હતો. અમરેલી – કુંકાવાવ – વડીયા વિસ્તારના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં અમરેલી તાલુકાના કાઠમા ગામે અમરેલી તાલુકામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો રથ આવી પહોંચ્યો હતો.

કાઠમા ગામે યોજાયેલા કાર્યક્રમમાં ૨૯૧ વ્યકિતઓની આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં 'મારૂં ભારત' અંતર્ગત ૦૬ સ્વયંસેવકોની નોંધણી કરવામાં આવી હતી. નાયબ મુખ્ય દંડક અને જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવના હસ્તે ૧૫ વિદ્યાર્થીઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્થળ ૫,૨૦૩ આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ અમરેલી તાલુકાના માલવણ ગામે યોજાયેલા કાર્યક્રમમાં ૪૭૮ વ્યકિતઓની આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં 'મારૂં ભારત' અભિયાન અંતર્ગત ૦૬ સ્વયંસેવકોની નોંધણી થઈ હતી.

કાર્યક્રમમાં ૦૧ મહિલા અને ૦૫ વિદ્યાર્થીઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્થળ પર નવા ૦૯ આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યા હતા જયારે ૦૩ આયુષમાન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં નાયબ મુખ્ય દંડકે ઉપસ્થિત સૌ નાગરિકોને કેન્દ્ર તેમજ રાજય સરકારની વિભિન્ન યોજનાઓના લાભ લેવા માટે અનુરોધ કર્યો. આ કાર્યક્રમમાં સ્થાનિક પદાધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### માચ્છીમાર સમાજમાં ખુશીનો માહોલ

# અમરેલી સહિત અન્ય ૭ જિલ્લામાં મત્સ્ય ઉદ્યોગ માટે પ્રોત્સાહક યોજના જાહેર

## રાજયનાં મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલની જાહેરાત

રાજુલા, તા.૧૮

ગુજરાત દેશનો સૌથી લાંબો ૧૬૦૦ કિ.મી. જેટલો વિશાળ દરિયાકાંઠો ધરાવતું રાજય છે. જયાં મત્સ્ય ઉત્પાદનની ક્ષમતા ખૂબ જ વધારે છે. છેલ્લા બે દશકામાં ગુજરાતમાં મત્સ્ય ઉત્પાદનમાં ખૂબ જ વધારો થયો છે. પરંતુ છેલ્લા ૫ વર્ષ દરમિયાન દેશ સહિત ગુજરાતના મત્સ્ય ઉત્પાદનમાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો છે. રાજયના મત્સ્ય ઉત્પાદનમાં દર વર્ષે સતત વધારો થાય તે માટે દરિયાઈ જીવસૃષ્ટિને આરક્ષિત કરી સંવર્ધન કરવું પણ એટલું જ અગત્યનું છે. જે માટે ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં માછલીઓની જાત અને સંખ્યામાં વધારો કરવા માટે કુલ ૨૫ આર્ટિફિશિયલ રીફની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી છે.

આ અંગે માહિતી આપતા મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં મત્સ્ય ઉત્પાદન વધારવા માટે ભારત સરકારની પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના હેઠળ આર્ટિફિશિયલ રીફની સ્થાપના માટેની યોજના અમલમાં મૂકવામાં આવી છે. જે અંતર્ગત ગુજરાતમાં અલગ – અલગ ૨૫ જગ્યાઓ ખાતે આર્ટિફિશિયલ રીફની સ્થાપના કરવામાં આવશે. દરિયાઈ જીવસૃષ્ટિના કુદરતી નિવાસસ્થાન (રીફ) જેવા જ આર્ટિફિશિયલ રીફનો ઉપયોગ દરિયાઈ જીવસૃષ્ટિનું સંરક્ષણ, કૃત્રિમ રહેઠાણ તેમજ બ્રીડીંગ ગ્રાઉન્ડ પુરૂ પાડવા માટે થાય છે. જે નાની માછલીઓના વિકાસ માટે સુરક્ષિત વાતાવરણ પૂરૂ પાડશે.

મંત્રી પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, ''પ્રમોશન ઓફ સસ્ટેનેઈબલ ફિશરીઝ એન્ડ લાઈવલીહુડ થ્રુ આર્ટિફિશિયલ રીફ'' પ્રોજેકટ હેઠળ ગુજરાતના ગીર સોમનાથ, અમરેલી, જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર અને કચ્છને મળી કુલ સાત જિલ્લાના દરિયાકાંઠાથી આશરે ૩ થી ૭ નોટીકલ માઈલ દરિયાઈ વિસ્તારમાં ૨૫ જેટલી આર્ટિફિશિયલ રીફ પ્રસ્થાપિત કરવામાં આવશે, જેનો રાજયના નાના માછીમારોને લાભ થશે.

મંત્રી એ વધુમાં જણાવ્યું કે, ભારત સરકાર દ્વારા સૂચિત કરાયેલા સ્પેસિફિકેશન મુજબ એક રીફમાં ૨૫૦ મોડયુલનો સમાવેશ થશે. જેમાં એક મોડયુલની અંદાજીત કિંમત રૂા. ૧૨,૪૦૦ અને એક રીફની અંદાજિત કિંમત રૂા.૩૧ લાખ નક્કી કરવામાં આવી છે. જે પ્રમાણે રાજયમાં કુલ રૂા.૭૭૫ લાખના ખર્ચે ૨૫ આર્ટિફિશિયલ રીફની સ્થાપના થશે. જેમાં ૬૦ ટકા ફાળો કેન્દ્ર સરકાર અને બાકીનો ૪૦ ટકા ફાળો ગુજરાત સરકારનો રહેશે.

તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૦૫ – ૦૬ માં ગુજરાતનું મત્સ્ય ઉત્પાદન ૭.૩૩ લાખ મે.ટન હતું, જે વધીને વર્ષ ૨૦૨૧ – ૨૨ માં ૮.૭૩ લાખ મે.ટન થયું હતું. સાથે જ ગુજરાતની મત્સ્ય નિકાસ લગભગ બમણી અને ગુજરાતનું વિદેશી હુંડીયામણ વર્ષ ૨૦૨૧ – ૨૨ સુધીમાં આશરે પાંચ ગણું વધ્યું છે. આજે દેશના કુલ મત્સ્ય નિકાસના ગુજરાતનો હિસ્સો ૧૭ ટકાથી વધુ છે. આર્ટિફિશિયલ રીફની સ્થાપનાથી આગામી સમયમાં ગુજરાતના મત્સ્ય ઉત્પાદન અને દેશના મત્સ્ય નિકાસમાં ગુજરાતનો હિસ્સો સૌથી વધારે હશે, તેવી મંત્રીએ આશા વ્યક્ત કરી.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં જન્મદિન શુભેચ્છા : ગાયત્રીયજ્ઞ યોજાયો



અમરેલી, તા. ૧૮

શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પરંપરા મુજબ દર માસે જે વિદ્યાર્થીઓનો જન્મ દિવસ હોય તે માસનાં બધા વિદ્યાર્થીઓને યજ્ઞમાં બેસાડી ગાયત્રીમંત્ર દ્વારા આહુતિઓ આપી દીપ યજ્ઞનું આયોજન થાય છે.

માસ ડીસેમ્બર–૨૦૨૩નાં રોજ યજ્ઞનું આયોજન થયેલ જેમાં સંસ્થાના કુલ ૨૬ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાનાં સંચાલક દીપકભાઈ વઘાસિયા તથા વિલાસબેન વઘાસિયાએ હાજર રહી જન્મદિનની શુભેચ્છાઓ આર્શીવચન આપ્યા હતા. જીવનમાં ઉચ્ચ ગુણવતા હાંસલ કરવા અને સંસ્કારોનું સિંચન કરવા માટે શાળાની ભૂમિકા મહત્વની હોય છે તે બાબતે સુંદર પ્રવચન આપેલ હતું. સમગ્ર સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# અમરેલીમાં ડો. પિયુષ ગોસાઇની શ્રીજી વિમેન્સ હોસ્પિટલમાં આયુષ્યમાનકાર્ડનો લાભ શરૂ







સરકારની આયુષ્માન ભારત કાર્ડ યોજના અંતર્ગત અમરેલીમાં ડો. પિયુષ ગોસાઈ સંચાલિત શ્રીજી વિમેન્સ હોસ્પિટલ ખાતે સાંસદ નારાયણભાઈ કાછડીયા એ રૂબરૂ મુલાકાત લીધી હતી અને આ યોજનાના પ્રથમ લાભાર્થીને ફળ વિતરણ કરી શુભેચ્છા પાઠવી હતી. હવેથી સરકારની આ આયુષ્માન ભારત યોજના અંતર્ગત ગાયનેકને લગતા સિઝેરિયન, વેકયુમ ડીલેવરી કે ફોરસેપ ડીલેવરી વગેરે આયુષમાન ભારત કાર્ડ ધારકોને તદ્દન ફ્રી કરી આપવામાં આવશે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૫ | ૧૪૬૨ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૯૫ | ૧૦૬૮ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૭૦ | ૧૪૮૦ |
| ૨ | મગફળી | ૧૨૨૫ | ૧૩૮૫ |
| ૩ | તલ સફેદ | ૨૫૯૫ | ૨૬૭૫ |
| ૪ | તુવેર | ૧૫૪૦ | ૧૮૦૦ |
| ૫ | ઘઉં | ૫૧૦ | ૫૪૦ |
| ૬ | ચણા | ૯૫૨ | ૧૨૨૮ |
| ૭ | સોયાબીન | ૮૯૯ | ૯૨૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૮૦ | ૧૩૨૭ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૪૭૦ | ૩૨૦૦ |
| ૪ | તલ કાળા | ૨૫૦૦ | ૩૧૫૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૪૦૨૫ |
| ૬ | બાજરો | ૪૪૧ | ૫૫૫ |
| ૭ | જુવાર | ૫૬૫ | ૧૧૨૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૧૮ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૭ | ૫૯૩ |
| ૧૦ | મગ | ૧૨૦૦ | ૧૭૫૮ |
| ૧૧ | અડદ | ૧૩૪૦ | ૧૮૧૫ |
| ૧૨ | ચણા | ૭૧૦ | ૧૧૭૦ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૦૮ | ૧૩૫૫ |
| ૧૪ | તુવેર | ૧૬૧૫ | ૧૯૦૫ |
| ૧૫ | કપાસ | ૯૯૨ | ૧૪૬૫ |
| ૧૬ | એરંડા | ૧૦૯૦ | ૧૧૧૨ |
| ૧૭ | રાયડો | ૯૦૦ | ૯૪૫ |
| ૧૮ | ધાણા | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ૧૯ | અજમા | ૨૦૫૦ | ૩૦૦૦ |
| ૨૦ | સોયાબીન | ૭૯૧ | ૯૨૫ |
| ૨૧ | મરચા લાંબા | ૧૧૪૦ | ૩૧૨૦ |

## બાબરા આઈ.ટી.આઈ. ખાતે ભરતીમેળો યોજાશે

અમરેલી તા.૧૮

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા નિયમિત અનુબંધમ વેબ પોર્ટલના માપ્રયમથી ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે. ખાનગી ક્ષેત્રના મહિન્દ્રા સી.આઈ.ઇ.ઓટોમોટિવ પ્રા.લી. શાપર એકમ માટે કંપની ટ્રેઈનીની જગ્યા માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ ધોરણ ૧૦ પાસ,ડિપ્લોમા, આઈ.ટી.આઈ,એક્સ આર્મીમેન તેમજ ધો.૧૨ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે તા.૨૨ ડિસેમ્બર, ૨૦૨૩ને શુક્રવારના રોજ સવારે ૧૧ વાગ્યે અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, (આઈ.ટી.આઈ) બાબરા ખાતે ભરતી મેળો યોજાશે.

આ ઉપરાંત અનુબંધમ પોર્ટલ http://anubandhan.gujarat.gov.in/account/signup પર આધાર કાર્ડ, શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો સાથે જોબ સીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ પર જોબ ફેરના મેનુમાં ક્લિક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબ ફેરમાં ભાગ લઈ શકશે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બહુમાળી ભવન, સી–બ્લોક, પહેલો માળ, અમરેલી પિન નં. ૩૬૫૬૦૧ નો સંપર્ક કરવા અમરેલી જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા :** સિમ્બર સ. ઔદિચ્ય બ્રાહ્મણ મરણ જયોત્સનાબેન હર્ષદરાય રાજયગુરૂ (ઉ.વ.૮૧) જે હર્ષદભાઈ જટાશંકર રાજયગુરૂના ધર્મપત્ની તેમજ ગુણવંતભાઈ, પ્રવીણભાઈ, ગિરિષભાઈ, રમેશભાઈ રાજયગુરૂના માતૃશ્રી થાય છે. તેમની સંયુકત સાદડી તા. ૨૧/૧૨/૨૦૨૩ને ગુરૂવારના પંચવટી સોસાયટી મામલતદાર ઓફિસ સામે, મહુવારોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૩ |
| ૨ | ચણા | ૯૦૦ | ૧૧૬૧ |
| ૩ | ધાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૪ | સોયાબીન | ૫૭૨ | ૮૯૪ |
| ૫ | તલ સફેદ | ૨૬૦૫ | ૨૯૧૨ |
| ૬ | મગફળી | ૯૪૦ | ૧૨૯૫ |
| ૭ | બાજરો | ૫૦૩ | ૫૦૩ |
| ૮ | ઘઉં લોકવન | ૪૯૮ | ૫૮૦ |
| ૯ | મગ | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૧૦ | તુવેર | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ૧૧ | જુવાર | ૭૩૫ | ૭૩૫ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૫૪૪ | ૫૮૮ |
| ૧૩ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | લસણ | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ૧૫ | મકાઈ | ૪૮૦ | ૪૮૦ |
| ૧૬ | શીંગદાણા | ૧૪૫૫ | ૧૫૨૫ |
| ૧૭ | ડુંગળી | ૨૪૨ | ૨૪૨ |

### તાલુકા કોંગી પ્રમુખની રજૂઆત

## અમરેલીનાં સરંભડાથી શીલાણા માર્ગનું રિસર્ફેસિંગ કરવા માંગ

### માર્ગ–મકાન વિભાગનાં અધિકારીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૧૮

અમરેલી તાલુકાનાં સરંભડા ગામથી શીલાણા ગામ સુધીનો ડામર રોડ અત્યંત બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકોને વાહન ચલાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે તથા વાહન ચાલકોને વાહનોનું રીપેરીંગ ખર્ચ પણ વધુ આવે છે. ખરાબ રોડના કારણે દર્દીને લઈને જતી એમ્બ્યુલન્સ પણ સમયસર હોસ્પિટલે પહોંચી શકતી નથી પરિણામે દર્દીનો જીવ જોખમમાં મુકાય છે તથા ખરાબ રોડના કારણે અવાર–નવાર અકસ્માતો પણ સર્જાય છે. તો લોકોને પડતી મુશ્કેલીને ધ્યાનમાં રાખીને તાત્કાલિક સરંભડાથી શીલાણા ગામ સુધીના ડામર



રોડને રિસર્ફેસિંગ કરવા માટે તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ માર્ગ મકાન વિભાગનાં અધિકારીને પત્ર પાઠવેલ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૧ | ૧૪૪૦ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૯૫૦ |
| ૩ | તલ પીળા | ૩૬૨૫ | ૩૭૦૦ |
| ૪ | કપાસ | ૧૦૫૨ | ૧૪૦૦ |
| ૫ | બાજરો | ૪૩૦ | ૫૧૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૨૨ |
| ૭ | જુવાર | ૫૦૦ | ૧૨૦૧ |
| ૮ | મકાઈ | ૫૫૫ | ૫૫૫ |
| ૯ | મગ | ૧૬૮૨ | ૨૨૦૧ |
| ૧૦ | મઠ | ૧૩૬૦ | ૧૫૬૦ |
| ૧૧ | અડદ | ૧૮૨૫ | ૧૮૨૫ |
| ૧૨ | તુવેર | ૧૦૦૦ | ૧૯૦૦ |
| ૧૩ | ચણા | ૬૦૦ | ૯૭૧ |
| ૧૪ | છોલે ચણા | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ૧૫ | સોયાબીન | ૮૭૦ | ૯૦૧ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં વરસડા અને બક્ષીપુરમાં**

સંપન્ન થતા નાગરીકોની સુખાકારીમાં વધારો થશે.

આ અંગે વિગતો આપતા પાણી–પુરવઠાના નાયબ કાર્યપાલક ઈજનેરે જણાવ્યું હતું કે, વરસડા ખાતે ઈરીયા જૂથ પાણી–પુરવઠા યોજના અંતર્ગત ૪ એમ.એલ.ડી.નો ફિલ્ટર પ્લાન્ટ, ૪૦ લાખ લીટર પાણીનું વહન થઈ શકે એવો સંપ અને ૫ લાખ લીટર પાણીની ક્ષમતા ધરાવતી ઉંચી ટાંકી તૈયાર થશે. આ સુવિધાઓ તૈયાર થઈ જતા મહી–પરિએજ યોજના અંતર્ગત ૧૩ ગામોને પાણીનો લાભ મળશે. જયારે બક્ષીપુર ખાતે રૂા. ૦૫ લાખના ખર્ચે ૧ લાખ લીટરની ક્ષમતાનો સંપ નિર્માણ પામશે, જે ખૂંટતા સ્ટોરેજ અંતર્ગત તૈયાર કરવામાં આવી રહ્યો છે. બંને ગામમાં વિકાસકાર્યો દ્વારા લોકોની સુખાકારીમાં વધારો થશે તેવો વિસ નાયબ મુખ્ય દંડકે વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન જે.બી. દેસાઈ, તાલુકા ભાજપના મહામંત્રી કાળુભાઇ વાળા, વરસડા ગામના સરપંચ અને ગ્રામજનો હાજર રહ્યા હતા. જયારે બક્ષીપુર ખાતે સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૧૨૦૧ | ૧૩૨૨ |
| ૩ | મગ | ૨૩૫૦ | ૨૩૫૦ |
| ૪ | જુવાર સફેદ | ૧૦૫૦ | ૧૨૯૬ |
| ૫ | તલ સફેદ | ૩૧૫૦ | ૩૧૭૫ |
| ૬ | બાજરો | ૪૦૧ | ૪૬૨ |
| ૭ | ઘઉં | ૫૦૦ | ૬૩૫ |
| ૮ | સોયાબીન | ૮૫૯ | ૮૭૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૬૫ | ૧૪૧૧ |
| ૨ | મગફળી | ૧૦૭૬ | ૧૩૦૩ |
| ૩ | ઘઉં | ૪૮૧ | ૫૩૨ |
| ૪ | ચણા | ૯૩૫ | ૧૦૯૧ |
| ૫ | મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૬ | ધાણા | ૧૨૧૦ | ૧૪૦૦ |
| ૭ | અડદ | ૧૬૦૦ | ૧૭૭૧ |
| ૮ | તલ | ૨૬૦૦ | ૨૬૦૫ |
| ૯ | વાલ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૦ | સોયાબીન | ૭૪૦ | ૯૧૦ |
| ૧૧ | જુવાર | ૯૫૦ | ૯૫૦ |
| ૧૨ | બાજરો | ૪૧૬ | ૪૧૬ |
| ૧૩ | શીંગદાણા | ૧૪૫૦ | ૧૪૫૦ |

# રાજુલા ખાતે સંઘવી હાઈસ્કૂલમાં સ્નેહમિલન સાથે અમૃત મહોત્સવની ઉજવણી






રાજુલામાં આવેલી જીવનલાલ આણંદજી સંઘવી હાઈસ્કુલ માં ૭૦ વર્ષના દાયકા બાદ સૌ પ્રથમવાર એક અદ્ભુત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું. આ અદ્ભુત કાર્યક્રમમાં ન ભૂતો ન ભવિષ્ય જેવો માહોલ જોવા મળ્યો. જેમાં આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આ કાર્યક્રમનું મુખ્ય આયોજન કરવામાં આવેલું. જેમાં આ કાર્યક્રમમાં સાથે સમગ્ર શાળાના સ્ટાફે પણ કદમથી કદમ મિલાવીને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવેલી સતત બે માસથી આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આ યુવાનો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવેલી ત્યારે આ કાર્યક્રમ આ ભવ્ય રીતે યોજાયો. જેમાં આ કાર્યક્રમમાં આ શાળામાં ભણી ચૂકેલા અત્યાર સુધીના તમામ વિદ્યાર્થીઓને એક જ સ્ટેજ પર એકત્રિત કરવાનો આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ પ્રયાસ કરવામાં આવેલો જેમાં ભારે સફળતા મળવા પામેલ જેમાં અત્યાર સુધીમાં ભણેલા તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ અત્યાર સુધીમાં આ શાળામાં ફરજ બજાવી ચૂકેલા નિવૃત્ત ગુરૂજનોને પણ આમંત્રિત કરવામાં આવેલા ત્યારે આ કાર્યક્રમમાં એકઅનોખો જ માહોલ જોવા મળેલો સાથે સાથે આ કાર્યક્રમમાં આવનાર તમામ વિદ્યાર્થીઓને કોઈ જાતની તકલીફ ના પડે તે માટે તમામ સુવિધાઓ કરવામાં આવેલી પાણીથી લઈ અને જમવા અને રહેવા સુધીની વ્યવસ્થાઓ આ શાળાની કમિટી દ્વારા કરવામાં આવે છે ત્યારે આ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ આ શાળામાં પોતાની યાદોને તાજી કરેલી ત્યારે બપોરના સમયે સતત પાંચ કલાક સુધી એક મેળાવડા જેવો માહોલ આ શાળાના પટાગણમાં જોવા મળેલો સાથે સાથે રાત્રિના એક ભવ્ય લોક ડાયરાનું આયોજન પણ કરવામાં આવેલું જેમાં નામાંકિત કલાકારોની સાથે આ શાળામાં અભ્યાસ કરી ચૂકેલા અને પોતે પોતાની રીતે આગવી ઓળખ બનાવીને જે કોઈ નાના મોટા કલાકારો બનેલા એ તમામ કલાકારોએ આ લોક ડાયરામાં હાજરી આપેલી સાથે સાથે અમૃત મહોત્સવ હોય ત્યારે તમામ ગુઢજનો ના હસ્તે એક કેક પણ કાપવામાં આવેલ. આ કાર્યકમમાં રાજુલા શહેરમાંથી બહોળી સંખ્યામાં લોકો ઉમટી પડેલા રાજુલા શહેરના નગરજનો અગ્રણી વેપારીઓ સામાજિક સંસ્થાના આગેવાનો તેમજ તમામ રાજકીય આગેવાનો સહિતના લોકોએ હાજરી આપેલી ત્યારે આ કાર્યક્રમ બિન રાજકીય કાર્યક્રમ રીતે ખૂબ જ સફળતાપૂર્વક સફળ થવા પામેલ. આ કાર્યક્રમમાં રાજુલા શહેરોમાંથી વિદ્યાર્થીઓએ હાજરી આપેલી રાત્રીના લોક ડાયરામાં કલાકારો ઉપર રૂપિયાનો વરસાદ જોવા મળેલ ત્યારે આ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આ શાળાને ફરીથી મરામત કરવા માટે સંકલ્પ કરેલો ત્યારે બની શકે તેટલી મદદ આ વિદ્યાર્થીઓ એ કરેલી સાથે સાથે શાળાના વિવિધ હોલમાં એક ફોટો ગેલેરીનું ભવ્ય આયોજન કરવામાં આવેલું ચિત્ર ગેલેરી એચ.એન. જાદવ એ સંપૂર્ણ કાર્ય સંભાળેલ સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થીના ચિત્રો પણ આ ગેલેરીમાં મૂકવામાં આવેલ પરંતુ સહુથી મોટી વાત આ કાર્યક્મ માટે એ છે કે મંડપ, વિડિયો, સાઉન્ડ, જમણવાર, ચા–પાણી, નાસ્તા, વિડિયોગ્રાફિ તેમજ બેનરો સહિત વિવિધ સુવિધા આ શાળાના અભ્યાસ કરી ચૂકેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એ જ કરેલી અને તે પણ સેવાની ભાવનાથી કોઈ પણ જાતની અપેક્ષાઓ વગર આ સુવિધા આપવામાં આવેલી. કાર્યક્રમના અંતમાં શાળા પરિવાર વતી આભાર વિધિ કરવામાં આવેલી.

# ઉના ખાતે સામાજિક એકતા જાગૃતિ મિશન દ્વારા કારોબારી બેઠક યોજાઈ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

સામાજિક એકતા જાગૃતિ મિશનગીરી સોમનાથ જિલ્લા કારોબારી સમિતિની બેઠકનું આયોજન ઉનાના વેરાવળ રોડ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય મહેમાન તરીકે કેવલસિંહ રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સામાજિક એકતા જાગૃતિ મિશન સંગઠનની ૧૪ વર્ષ પૂર્વે (૨૦૦૯) માં ઉના તાલુકાના એક નાના એવા ગામમાંથી શરૂઆત થઈ હતી અને આ સંગઠન દેશના વિવિધ રાજયોમાં સર્વ સમાજના તમામ લોકોનું રાષ્ટ્રીય સંગઠન છે જે ગુજરાત સિવાય દેશના અલગ અલગ રાજયોમાં કામ કરે છે રાષ્ટ્રના નિર્માણ અને સમાજના કલ્યાણના ઉદ્દેશ સાથે સર્વસમાજના અનેક યુવાનો આ સંગઠનમાં જોડાયેલા છે આ સંગઠનનો મુખ્ય કાર્યાલય ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં આવેલું છે. આ યોજાયેલ સામાજિક એકતા જાગૃતિ મિશન ગીર સોમનાથ જિલ્લાની કારોબારી સમિતિની બેઠકમાં પ્રભારી તરીકે ધર્મેશ જેઠવા, સહપ્રભારી જાવેદ મેમણ, અધ્યક્ષ ગોવિંદ વાઢેર, ઉપાધ્યક્ષ એડ કિશન મહેતા તેમજ ભગવાન રામ, મહાસચિવ ગિરીશ ટેવાણી, હનીફ સુમરા, અરજણ લાખણોત્રા, જયંતિ સોલંકી, અરવિંદ ચૌહાણ, સંજય સોંદરવા તેમજ ચિંતન ગઢીયા, હુસેન ભાદરકા સહિતનાઓને રાષ્ટ્રીય સંયોજક કેવલસિંહ રાઠોડના હસ્તે નિમણૂક પત્ર પાઠવવામાં આવ્યા હતા. યોજાયેલ કાર્યક્રમમાં બધા ભાઈ વિંઝુડા, જસાભાઈ વિંઝુડા ભાઈદાસ ભાઈ વાળા, માવજી વાઢેર, વિનુભાઈ ચૌહાણ, રસિક ચાવડા, કરસનભાઈ, ડાયાભાઈ, સાગર પરમાર કંચનબેન પરમાર તેમજ પોલીસ સ્ટાફ, હોમગાર્ડ જવાન સહિતના મહેમાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સિધ્ધાર્થ ઓઝા (એ.આર.ભટ્ટ) સહ પ્રભારી પૂર્વ ઝોન દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

### કોંગી આગેવાનોની મળેલ બેઠકમાં થયો નિર્ણય

## અમરેલીમાં આગામી શુક્રવારે કોંગ્રેસપક્ષનું મહાસંમેલન યોજાશે

### લોકસભાની ચુંટણીને લઈને ધમધમાટ શરૂ



અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે રવિવારના રોજ કોંગ્રેસ પક્ષના સંમેલન નાં આયોજન માટે મીટીંગ મળેલ હતી. આ કાર્યક્રમમાં પૂર્વ નેતા વિપક્ષ પરેશભાઈ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય વીરજીભાઈ ઠુંમર, પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલિયા, પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત, જિલ્લા પંચાયત નેતા વીપક્ષ પ્રભાતભાઈ કોઠીવાળ, પૂર્વ પ્રમુખ ડી.કે.રૈયાણી, શંભુભાઈ દેસાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.


કાર્યક્રમની શરૂઆત જિલ્લાના કોંગ્રેસ અગ્રણી અને ધારી વિસ્તારના લોક સેવક ડોકટર જયસુખભાઈ જસાણીનું નિધન થયેલ હોય, ઉપસ્થિત સૌ અગ્રણીઓએ અને કાર્યકરોએ બે મિનિટ મેન પાળી સદગતને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ તકે પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર દ્વારા ડોકટર જસાણીના સંસ્મરણો તાજા કર્યા હતા.

આવનારી લોકસભા ચૂંટણીમાં પક્ષના સંગઠનને મજબૂત કરવા આગામી તારીખ ૨૨/ ૧૨/૨૦૨૩ ને શુક્રવારના રોજ અમરેલી લોકસભા વિસ્તારના કોંગ્રેસ અગ્રણીઓ અને કાર્યકરોનું વિશાળ સંમેલન યોજવા આ તકે નક્કી કરવામાં આવેલ હતું.

આજની મિટિંગમાં જિલ્લાના મહત્વના પદાધિકારીઓ, દરેક તાલુકા અને શહેર સમિતિના પ્રમુખઓ, તમામ સેલ અને મોરચાના જિલ્લાના પ્રમુખઓ, જિલ્લા પંચાયત તાલુકા પંચાયત અને નગરપાલિકાઓના નેતા વિપક્ષ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમના સંચાલન માટે જિલ્લા કોંગ્રેસ મહામંત્રી જગદીશભાઈ તળાવિયા, જનકભાઈ પંડયા, સંગઠન મંત્રી જગદીશભાઈ પાનસુરીયા અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ સંદીપ પંડયા તથા કાર્યાલય મંત્રી જમાલભાઈ મોગલએ જહેમત ઉઠાવી હતી.

## સાવરકુંડલા : જૈન સમાજનું ગૌરવ



સાવકુંડલા, તા.૧૮

પાલીતાણા મુકામે પૂજય આચાર્ય ભગવાન શ્રેયાસ પ્રભસુરી મહારાજની પાવન નિશ્રામાં ઉપધાન તપ આરાધના કરનાર તપસ્વીઓએ સમગ્ર જીવન ઉપર ઘેરો પ્રભાવ પાથરતું એક આત્મા પ્રભાવક પાપ ત્યાગની પ્રતીક્ષા કરાવનાર કાયાની માયા છોડાવનાર શ્રધ્ધા, સમર્પણ, અને ભક્તિને શીખવનાર ઉપધાન તપ ની તપચર્યા પૂર્ણ કરેલ છે.

પાલીતાણા આદિશ્વર દાદાની છત્ર છાયા ગુરૂ ભગવતોના શુભ આશિષથી ૪૭ દિવસ ઉપધાન તપની આરાધના પૂર્ણ કરીને નિયતી ભાવિકભાઈ દોશી ઉંમર ૧૪., જલ્પાબેન તેજસભાઈ સલોત. રશ્મિબેન હિતેનભાઈ દોશીનું જૈન સમાજે સ્વાગત કરેલ. નિયતીબેન ભાવિકભાઈ દોશી ૧૦ મહિનામાં જ પાલીતાણાની ૯૯ યાત્રા તેમજ ૪૭ દિવસનું ઉપધ્યાન પૂર્ણ કરેલ છે. નાની ઉંમરમાં ધર્મની મોટી છલાંગ મારી છે ઉમેદચંદ ભગવાનજી દોશી પરિવાર તરફથી સંઘ જમનનું આયોજન થયેલ. જલ્પાબેન તેજસભાઈ સલોત ઉપધાન તપની આરાધના પૂર્ણ કરીને સાવરકુંડલા પધારતા દેરાસરમાં બિરાજમાન ધર્મનાથ દાદાને મુંગટ અરવિંદભાઈ સલોત પરિવારે ચડાવેલ.

### સ્થાનિક પોલીસ ઈન્સ્પેકટરની કામગીરી

## ઉના : સબ મર્સિબલ પાણીની મોટર ચોરીનો અનડીટેકટ ગુન્હાનો ભેદ ખુલ્યો

### બે આરોપીની અટકાયત કરવામાં આવી



ઉના, તા.૧૮

ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા, મદદનીશ પોલીસ અધિક્ષક જીતેન્દ્ર અગ્રવાલ ઉના ડિવીઝન – ઉના દ્વારા ચોરીના ગુન્હાઓ ડીટેકટ કરવા સખત સુચના કરેલ હોય જે અંગે ઉના પી.આઈ.એન.કે.ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ ઉના પો.સ્ટેમા ચોરીના ગુન્હાઓ ડીટેકટ કરવા સુચના મળેલ જે અનુસંધાને સર્વેલન્સ સ્કોર્ડના પોલીસના માણસોની ટીમો બનાવી ચોરીના ગુન્હાના ઈસમોને ઝડપી પાડવા જરૂરી સુચના માર્ગદર્શન આપેલ હોય જે સુચના મુજબ સર્વલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ, સી.બી.જાડેજા, એ.એસ.આઈ ધર્મેન્દ્રસિંહ માનસિંહ પરમાર, પ્રદિપસિંહ હરિસિંહએ રીતેના પો.સ્ટાફના માણસો ઉના પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન સાથેના એ.એસ.આઈ. પ્રદિપસિંહ હરીસિંહ રાયજાદા સહિતનાઓને સંયુક્ત બાતમી હકીકતે મળેલ કે ઉના રોકડીયા હનુમાન ચોકડી પાસે બે ઈસમો સણના કોથળામા વાવરડા ગામે ચોરીમા ગયેલ કુવામાંથી પાણી કાઢવાની મોટરો લઈ ઉભેલ હોવાની હકિકત મળતા રોકડીયા હનુમાન ચોકડી પર આવી તપાસ કરતા ઉપરોક્ત હકિક્ત વાળા બે ઈસમો ઉભેલ હોય જેની પાસેના કોથળાઓમા તપાસ કરતા કુવામાથી પાણી કાઢવાની મોટરો જોવામા આવેલ જેથી આ મોટરો બાબતે યુક્તિ પ્રયુકતીથી પુછપરછ કરતા ઉના પો.સ્ટે.ગુન્હાના મુદ્દામાલ સાથે આરોપી (૧) ભીમા કાળુભાઈ બારૈયા (૨) ધરમ ગદુભાઈ ગોહીલ રહે.વાવરડા, તા.ઉનાની પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરેલ હતો.

## અમરેલી : એ.આર.ટી.ઓ દ્વારા રાજુલા ખાતે ૩૦ ડિસેમ્બરના રોજ પાસીંગ (CERA) કેમ્પ

અમરેલી તા.૧૮

એ.આર.ટી.ઓ અમરેલી દ્વારા આગામી તા.૩૦ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ અમરેલી જિલ્લાના રાજુલા મુકામે પાર્સીંગ (CERA) કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં ભાગ લેવા માંગતા વાહન માલિકો અને કબ્જેદારોને ભાગ લેવા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમરેલીની એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલીનાં સારહિ તપોવન આશ્રમ ખાતે જોષી પરિવાર દ્વારા ગાયત્રી યજ્ઞ સંપન્ન



અમરેલી, તા. ૧૮, અમરેલીમાં સારહિ તપોવન આશ્રમ ખાતે તેમના સ્વપ્ન દ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીનાં સંકલ્પ અનુસાર બની રહેલા તપોવન આશ્રમનું નિર્માણ કાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે ગાયત્રી યજ્ઞ કરવામાં આવે છે. તેમાં તા. ૧૭/૧૨/૨૩નાં રોજ અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજનાં કોષધ્યક્ષ સંજયભાઈ જોષી સહ પરિવારને ગાયત્રી યજ્ઞમાં બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધિ કરેલ. (ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ અમરેલીનાં પરિજન હરેશભાઈ જોષીએ ગાયત્રી યજ્ઞ કરાવ્યો). આ તકે શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી, શહેર ભાજપનાં મંત્રી તુષારભાઈ વાણી ઉપસ્થિત રહ્યા હતા. સારહિ પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ.

## સાવરકુંડલા સદ્‌ભાવનાગ્રુપ દ્વારા ૧૦૨ મો રક્તદાન કેમ્પ યોજાશે

સાવરકુંડલા, તા.૧૮

પરમ પૂજય ઉષા મૈયાના ૮૫માં જન્મદિવસ નિમિત્તે રક્ત તુલા તેમજ ૧૦૨ મો રક્તદાન કેમ્પ યોજાશે તારીખ.૩/૧/ ૨૦૨૪ બુધવાર સમય સવારે ૯ કલાકથી લોહાણા મહાજન વાડી સાવરકુંડલા ખાતે આ કેમ્પ યોજાશે. વધારેમાં વધારે લોકો આ કેમ્પનો બહોળો ભાગ લેય અને પોતાના રક્તના દાનથી કોઈની જિંદગી બચે તેવો પ્રયાસ વધારેમાં વધારે થાય તેવું સદભાવના ગ્રુપ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## ઉના : માલિકને વિશ્વાસમાં રાખીને નોકરે કરેલ ચોરીના ગુન્હાનો ભેદ ખુલ્યો



ગુન્હો કબુલ કરતો હોય જે ગુન્હાના કામે ભીમજીભાઈ

ઉના, તા.૧૮, ઉના પોલીસ પો.સબ. ઈન્સ. આર.આર.ગળચર તથા પો.હેડ.કોન્સ.વિપુલભાઈ મુળુભાઈ લાખણોત્રા, જી.આર.ડી.જવાન મહેશભાઈ રામભાઈ ચાવડા, પોલીસ સ્ટાફના માણસો ટાવર ચોક પાસે ઉભેલ હતા તે દરમ્યાન પો.સબ.ઈન્સ. આર.આર.ગળચર બાતમી હકીકતે મળેલ કે ઉના પો.સ્ટે. ગુ.ર.નં– ૧૧૧૮૬૦૦૮૨૩૧૮૫૧ /૨૦૨૩ આઈ.પી. સી.કલમ – ૩૭૯,૩૮૧ મુજબનો ગુન્હો ગઈ તા, ૧૭/૧૨/૨૦૨૩ ના ક.૨૧/૧૫ વાગ્યે રજી થયેલ છે જે ગુન્હાની તપાસ કરી ટાવર ચોક પાસે આવતા પોલીસ બાતમી મળતા આ શખ્સ ટાવર ચોકની સામેની બાજુએ ઉભેલ હતો તેની બાતમી હક્કીકત મળતા શંકા જતા પોલિસે ગુન્હા બાબતે પુછ પરછ કરતા પોતે નાગજીભાઈ રાણપરીયા ઉ.વ.૬૦ ધંધો – પ્રા નોકરી, રહે.વડવીયાળા, તા,ગીર–ગઢડા વાળાને ધોરણસર અટક કરી ચોરીમા ગયેલ રોકડ રકમ ૧,૨૧,૯૯૦ /– તથા અલગ અલગ બેંકના ચેક નંગ–૦૮ જેની કિ.રૂ.૧,૩૮,૮૪૫ /– એમ કુલ રૂપિયા ૨,૬૦,૮૩૫ /– નો મુદામાલ કબ્જે કરી આરોપીને અટક કરી ધોરણસર કાર્યવાહી કરી અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરેલ છે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# વડિયા ખાતે યોજાયેલ તાલુકા કક્ષાના મહાકલાકુંભમાં ૧૬૦ સ્પર્ધકોએ કલા પીરસી



રાજયના રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા સમગ્ર રાજયમાં બાળકો અને યુવાઓમાં શુસુપ્ત કલાઓ અને શકિતઓ રહેલી તેને બહાર લાવવા માટે સમગ્ર રાજયમાં કલા મહાકુંભની સ્પર્ધા યોજવામાં આવે છે તે અંતર્ગત વડિયા–કુંકાવાવ તાલુકા કક્ષાનો કલા મહાકુંભ વડિયાની સુરગવાળા સાર્વજનિક હાયર સેકન્ડરી સ્કૂલમાં સરપંચ મનીષભાઈ ઢોલરીયા દ્વારા દીપ પ્રાગટય કરી ખુલ્લો મુકાયો હતો. આ સ્પર્ધાત્મક કાર્યક્રમમાં સમગ્ર તાલુકામાંથી ૧૪ સાંસ્કૃતિક સ્પર્ધામાં ૧૬૦ જેટલાં સ્પર્ધકો એ પોતાની કલા રજુ કરી હતી. જેમાં લોકગીત, સમૂહ રાસગરબામાં તલાળી, ખજૂરી, બામભણીયા અને અનિડાની સ્કૂલના બાળકોએ ખુબ આકર્ષણ જમાવ્યું હતુ. તાલુકા કક્ષાની આ સ્પર્ધામાં શાળાના આચાર્ય દિલીપભાઈ પાદરિયા, કન્વીનર માનસિંહ મોરી અને સમગ્ર શાળાના સ્ટાફ દ્વારા જહેમત ઉઠવાઈ હતી.

સચોટ - સટીક - સાતત્યસભર દૈનિક
આમ આદમીનું અખબાર
# અમરેલી એક્સપ્રેસ
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


## નાયબ દંડક કૌશિક વેકરિયાનાં હસ્તે લાખો રૂપિયાનાં ખર્ચથી સાકાર થનારી

# અમરેલીનાં વરસડા અને બક્ષીપુરમાં પીવાનાં પાણી માટેની યોજનાનું ભૂમિપૂજન

**બન્ને ગામોનાં નાગરિકો માટે પીવાનાં પાણીનો સંપ, ટાંકી, ફિલ્ટર પ્લાન્ટ બનાવવામાં આવશે**

**પાણી–પુરવઠા વિભાગનાં નાયબ કાર્યપાલક ઈજનેરે વિસ્તૃત વિગતો રજુ કરી**

**તાલુકા પંચાયતનાં પ્રમુખ, કારોબારી ચેરમેન સહિત ભાજપનાં અને ગામનાં આગેવાનો ઉપસ્થિત રહૃા**

**બન્ને ગામોમાં પીવાનાં પાણીની યોજના શરૂ થતાં ગામજનોમાં ખૂશીનો માહોલ**



અમરેલી, તા. ૧૮

રાજય સરકારની વણથંભી વિકાસયાત્રામાં અમરેલી જિલ્લો અગ્રીમ હરોળમાં પ્રગતિ કરી રહૃાો છે. વિવિધ વિકાસકાર્યો થકી જિલ્લાના નાગરિકોની સુખાકારીમાં વધારો કરવા માટે વિવિધ વિભાગના વિકાસ કાર્યોને સતત વેગ મળી રહૃાો છે. આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાના વરસડા અને બક્ષીપુર ખાતે અમરેલી–કુંકાવાવ–વડિયા વિસ્તારના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાના હસ્તે પાણી–પુરવઠાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત થયું હતું. અમરેલી જિલ્લાના વરસડા ખાતે પાણી પુરવઠાના આશરે રૂા. ૧.૮૦ કરોડના ખર્ચે અને બક્ષીપુર ખાતે રૂા. ૦૫ લાખના ખર્ચે વિકાસકાર્યો

અનુસંધાન પાના ૬ ઉપર


અમરેલી એક્સપ્રેસ દૈનિકમાં એજન્ટ/પત્રકારની નિમણુંક કરાશે
અમરેલી જિલ્લાના સર્વાધિક લોકપ્રિય દૈનિક ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકની વાર્ષિક લવાજમ યોજના ૧ લી જાન્યુઆરી–૨૦૨૪ ના રોજ શરૂ થઇ રહી છે.
જિલ્લાના રાજુલા, ચિતલ, લાઠી, દામનગર, લીલીયા, વીજપડી, ટીંબી, જાફરાબાદ, ડુંગર સહિતનાં વધુ એક એજન્ટ અને પત્રકાર ની નિમણુંક કરવાની હોય રસ ધરાવતી અને અનુભવી વ્યકિતઓએ સંપર્ક કરવો.
મનોજ રૂપારેલ
તંત્રી
મો. ૯૮૨૫૦ ૦૭૪૪૩

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
સંબંધમાં જયાં બુદ્ધિનું શાસન ચાલે છે ત્યાં સંબંધ હારે છે અને જયાં હૃદયનું શાસન ચાલે છે ત્યાં સંબંધ જીતે છે
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166





હાર્દિક અભિનંદન
શ્રી મલ્લિકાર્જુન ખડગે – પ્રમુખ ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિ
શ્રી પ્રતાપ દુધાત – પ્રમુખ અમરેલી જિલ્લા કોંગ્રેસસમિતિ
શ્રી રાહુલ ગાંધી – પૂર્વ પ્રમુખ ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિ
અખિલ ભારતીય કોંગ્રેસના પ્રમુખ શ્રી મલ્લિકાર્જુન ખડગે અને પૂર્વ પ્રમુખ અને સાંસદ શ્રી રાહુલ ગાંધીની સુચનાથી રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી શ્રી કે.સી. વેણુગોપાલ દ્વારા અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ તરીકે યુવા, ઉત્સાહી અને પૂર્વ ધારાસભ્ય ''શ્રી પ્રતાપ દુધાત''ને જવાબદારી સોંપવામાં આવતા અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને તેઓ અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષને સફળતાના શિખરો સર કરાવવામાં સફળ રહે તેવી શુભકામનાઓ...
: શુભેચ્છક :
શ્રી ચંદ્રેશભાઈ એન. રવાણી
શ્રી રૂપાભાઈ અમરાભાઈ જાપડા
શ્રી અશોકભાઈ બી. ખુમાણ
શ્રી ઈકબાલભાઈ ગોરી
શ્રી વલ્લભભાઈ ઝીંઝુવાડીયા
શ્રી કુંદનબેન અઢિયા
શ્રી કિરીટભાઈ એમ. દવે

ફુલી ઓટોમેટીક ઘરઘંટીની વિશાળ શ્રેણી
સ્ટાઈલ કમાલ...ઓફર્સ બેમીસાલ
NATRAJ Gharelu Aatachakki
10,00,000+ SATISFIED CUSTOMERS
INDIA'S NO.1 AATACHAKKI
સરળ માસિક હપ્તે વસાવો
લાઇવ ડેમો જોવા માટે રૂબરૂ પધારો
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE
BAJAJ FINSERV | HDFC BANK | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટ યાર્ડ રોડ, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

ફિઝિશિયન વિભાગ
24/7 Emergency Services
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli
Dr. Jagruti Chandpa
(M.D. Physician)
ઉપલબ્ધ સુવિધા
અતિ આધુનિક સુવિધાયુક્ત આઈ.સી.યુ તથા વેન્ટિલેટરની સુવિધા | એક્સ-રે તથા ઈ.સી.જી. મેડિકલ સ્ટોર | લેબોરેટરી | 24x 7 તાત્કાલિક સારવાર | એમ્બ્યુલન્સની સુવિધા
એન.સી.ટી કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત ઈન્ડિયા.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૬૨૦


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)